
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 16

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026
25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 61, Dt. 09-07-2026 (THURSDAY) Rs. 02/- Page : 29, RNI No. GUJGUJ/2023/84789


## ડ્રાઈવરો કંડક્ટરનું ઓવરટાઈમ ગરબડી

# રાજકોટમાં સિટી બસ કૌભાંડ મહિને 20 લાખની કટકી?



- સિટી બસના ડ્રાઈવરો પાસે નિયમો વિરુદ્ધ 16 કલાક કામ લેવામાં આવે છે
- ડ્રાઈવરોના ઓવરટાઈમના હક્કના લાખો રૂપિયા હજમ કરવાનો મોટો ખેલ!

## ડ્રાઈવરે મહિનામાં 15 દિવસ કામ કર્યુ કે 31 દિવસ કંપનીને તમામ ડ્રાઈવરોની સ્પે. સ્લીપમાં ઓવરટાઈમના કલાકો 24 કલાક જ ફિક્સ દર્શાવ્યા



To,
The Chairman & Managing Director,
and Municipal corporation Commissioner,
Tushar Sumera,
Rajkot, Gujarat

રાજકોટ મહાનગરપાલિકા
... ઇન્વર્ડ નં. ૫૫૫૦
તારીખ ૧૨/૫/૨૦૨૬

Subject: Complaint Regarding Serious Labour Law Violations and Public Safety Risk by City Bus Contractor

Respected Sir,

I would like to bring to your attention serious labour law violations being committed by the city bus contractor operating under Rajkot Rajpath Limited. The current working conditions of drivers and conductors are not only illegal but also extremely dangerous for public safety.

The following violations are reportedly taking place:

1. Drivers and conductors are not being given weekly offs.
2. When drivers or conductors take any leave, salary deductions are being made from their accounts.
3. Drivers and conductors are being forced to work approximately 12 to 15 hours daily.
4. Even after working beyond 8 hours, drivers and conductors are not being paid overtime wages as per government labour laws and standards.
5. Salary slips are not being provided to drivers and conductors.

This matter is extremely serious because continuous driving for 12 to 15 hours without proper rest or weekly offs creates a major public safety risk. Fatigued drivers can lose concentration, which increases the chances of road accidents involving passengers and the general public.

I request you to immediately investigate the contractor, inspect duty records, attendance registers, overtime records, salary payment details, and working hours of drivers and conductors, and take strict action against all violations found.

This issue concerns both labour rights and public safety. Immediate intervention is necessary to prevent any possible accidents and to ensure compliance with labour laws.

Name: Jor Sanjay
Contact: rajkotlabourdesk@gmail.com
Date: 11-5-2026

## પેનલ્ટીના નામે કોઈ પણ કારણ વિના 500 રૂપિયા જેવી રકમ ગેરકાયદેસર રીતે પગારમાંથી કાપી લેવામાં આવે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની સડકો પર દોડતી સિટી બસો માત્ર મુસાફરોને જ નહીં, પણ એક મોટા જોખમને લઈને ફરી રહી છે. રાજકોટ રાજપથ લિ. હેઠળ ચાલતી સિટી બસ સેવાઓના કોન્ટ્રાક્ટરો દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરોનું આર્થિક અને શારીરિક શોષણ કરવામાં આવી રહ્યું છે. માત્ર નફો રળવાની લ્હાયમાં એજન્સીઓ ડ્રાઈવરો પાસે રોજના ૧૨ થી ૧૬ કલાક સુધી સળંગ બસ ચલાવડાવી રહી છે. આ અમાનવીય પરિશ્રમને કારણે થાકેલા ડ્રાઈવરોની એકાગ્રતા ઘટે છે.

શ્રમ કાયદા મુજબ દરેક કર્મચારીને અઠવાડિક રજા (Weekly Off) મળવી ફરજિયાત છે, પરંતુ અહીં નિયમોના ખુલ્લેઆમ લીરેલીરા ઉડાડવામાં આવી રહ્યા છે.

લેબર ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં જેને નોટિસ આપવામાં આવી હતી તેવી 'વિશ્રમ સીટી બસ ઓપરેશન પ્રા. લી.' ની માર્ચ ૨૦૨૬ ની પે-સ્લિપ્સમાં એક મોટું કૌભાંડ છતું થયું છે. ડ્રાઈવરે મહિનામાં ૧૫ દિવસ કામ કર્યું હોય કે ૩૧ દિવસ, કંપનીએ તમામ ડ્રાઈવરોની પે-સ્લિપમાં ઓવરટાઈમના કલાકો માત્ર '૨૪ કલાક' જ ફિક્સ દર્શાવ્યા છે! આ મનઘડંત ગણતરી સ્પષ્ટ બતાવે છે કે કાયદાની આંખમાં ધૂળ નાંખીને ડ્રાઈવરોના ઓવરટાઈમના હકના લાખો રૂપિયા હજમ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, 'પેનલ્ટી' ના નામે કોઈપણ કારણ વિના ૫૦૦ રૂપિયા જેવી રકમ ગેરકાયદેસર રીતે પગારમાંથી કાપી લેવામાં આવે છે.

**VISHVAM CITY BUS OPERATIONS PVT LTD**
Pay Slip for the Month of: March - 2026

| | | | | |
|---|---|---|---|---|
| Name | Jadeja Ghanshyamsinh | | Bank Account No | 03600100033559 |
| Employee Code | VD104 | | IFSC Code | BARB0RAJKOT |
| Department | Operations | | Location | Atal |
| Designation | Driver | | Payable Days | 28 |
| UAN No. | 101722989278 | | ESIC No. | 2019220240 |
| Month Days | 31 | | OT Hours | 16 |
| Earnings | | | Deductions | |
| Description | Rate | Earning | Description | Amount |
| Basic | 13585 | 12270 | PF | 1472 |
| HRA | 0 | 0 | ESIC | 136 |
| Medical Allowance | 0 | 0 | PT | 200 |
| Cony. Allowance | 0 | 0 | Penalty | 500 |
| Att. Allowance | | 1870 | LWF | 0 |
| Perf. Allowance | | 1870 | Advance | 0 |
| Incentive | | | | |
| Arrear | | 0 | | |
| GWA | | 0 | | |
| OT | | 2090 | | |
| Total Earnings | 13585 | 18100 | Total Deductions | 2308 |

Net Pay: 15792

**VISHVAM CITY BUS OPERATIONS PVT LTD**
Pay Slip for the Month of: March - 2026

| | | | | |
|---|---|---|---|---|
| Name | Fangaliya Dipakbhai Hirabhai | | Bank Account No | 140324040107015 |
| Employee Code | VD132 | | IFSC Code | IBKL01642RP |
| Department | Operations | | Location | Atal |
| Designation | Driver | | Payable Days | 29 |
| UAN No. | 102089111651 | | ESIC No. | 2019434717 |
| Month Days | 31 | | OT Hours | 24 |
| Earnings | | | Deductions | |
| Description | Rate | Earning | Description | Amount |
| Basic | 13585 | 12709 | PF | 1525 |
| HRA | 0 | 0 | ESIC | 252 |
| Medical Allowance | 0 | 0 | PT | 200 |
| Cony. Allowance | 0 | 0 | Penalty | 0 |
| Att. Allowance | | 2040 | LWF | 0 |
| Perf. Allowance | | 2040 | Advance | 0 |
| Incentive | | | | |
| Arrear | | 0 | | |
| GWA | | 13585 | | |
| OT | | 3135 | | |
| Total Earnings | 13585 | 33509 | Total Deductions | 1977 |

Net Pay: 31532

**VISHVAM CITY BUS OPERATIONS PVT LTD**
Pay Slip for the Month of: March - 2026

| | | | | |
|---|---|---|---|---|
| Name | Hirani Darshan | | Bank Account No | 35367632376 |
| Employee Code | VD146 | | IFSC Code | SBIN0060039 |
| Department | Operations | | Location | Atal |
| Designation | Driver | | Payable Days | 27 |
| UAN No. | 102251194956 | | ESIC No. | 2019733770 |
| Month Days | 31 | | OT Hours | 24 |
| Earnings | | | Deductions | |
| Description | Rate | Earning | Description | Amount |
| Basic | 13585 | 11832 | PF | 1420 |
| HRA | 0 | 0 | ESIC | 218 |
| Medical Allowance | 0 | 0 | PT | 200 |
| Cony. Allowance | 0 | 0 | Penalty | 0 |
| Att. Allowance | | 1785 | LWF | 0 |
| Perf. Allowance | | 1785 | Advance | 0 |
| Incentive | | | | |
| Arrear | | 0 | | |
| GWA | | 10450 | | |
| OT | | 3135 | | |
| Total Earnings | 13585 | 28987 | Total Deductions | 1838 |

Net Pay: 27149

## જો ડ્રાઈવર 16 કલાક કામ ન કરે તો છૂટા કરી દેવાની ધમકી

**RTIમાં ખુલાસો** જાગૃત નાગરિક રમેશ ઝીલરીયાએ બન્ને કલાકારોને કમાણી જાહેર કરવા ખૂલ્લી ચેલેન્જ

# માયાભાઈ આહિર, કિર્તીદાન ગઢવીનું ઘર સરકારના પૈસાથી ચાલે છે?

## રાજકોટમાં 2017માં સરકારી ડાયરામાં કિર્તીદાન ગઢવી 10 લાખ રૂપિયા લીધા હતા, જે પ્રજાના ટેક્સના હતા



## માયાભાઈ આહિરે 1 ડાયરાના 3.50 લાખ સરકારી તિજોરીમાંથી લીધા હતા

## વિવાદનું કારણ શું હતું ?

### સ્ટેજ ઉપરથી માયાભાઈનું નિવેદન

**સરકારી કર્મચારીઓને કોઈ કહે તમે અમારા ટેક્સના પૈસે પગાર લો છો, જાણે એના બાપુજી ટેક્સ ભરતા હોય**


સિટી ન્યૂઝ Rajkot 07
લોકશાહીમાં સવાલ પૂછવો અધિકારઃ માયાભાઈ સામે લોકોમાં રોષ
માયાભાઈ આહિરના બે ચહેરાઃ પ્રજાને પ્રશ્નો પૂછવાનો અધિકાર નથી!
ડાયરામાં કહ્યુંઃ અમુક લોકો સરકારી કચેરીમાં મોબાઈલ કાઢી વીડિયો ઉતારી બોલે છે ટેક્સના પૈસા અમારા છે તમારા બાપુજી કેમ ટેક્સ ભરતા હોય !
એક વ્યક્તિએ પત્ર લખી માયાભાઈનો વિરોધ કર્યો !
માયાભાઈ આહિરને કિર્તીદાન ગઢવીએ પણ સાથ પૂરાવ્યો
માયાભાઈ પ્રજા જોવો કયા પ્રકારનો ટેક્સ ભરે છે

સિટી ન્યૂઝ@મોરબી

ગુજરાતના જાણીતા લોકકલાકારો માયાભાઈ આહીર અને કીર્તિદાન ગઢવી દ્વારા એક ડાયરા દરમિયાન ટેક્સ ભરવા બાબતે આપેલા વિવાદાસ્પદ નિવેદન બાદ સોશિયલ મીડિયા સહિત સમગ્ર રાજ્યમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિવાદમાં હવે મોરબીના જાગૃત નાગરિક રમેશભાઈ ઝીલરીયા મેદાને આવ્યા છે. તેમણે બંને કલાકારોને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું છે કે, સામાન્ય પ્રજાની મજાક ઉડાવતા પહેલા કલાકારો પોતે કેટલો ટેક્સ ભરે છે તેના આંકડા જાહેર કરે. નાગરિકે માહિતી અધિકાર (RTI) હેઠળ મળેલા સરકારી આંકડા જાહેર કરીને કલાકારોના ઘર પણ જનતાના પૈસે જ ચાલતા હોવાનો વળતો પ્રહાર કર્યો છે.

વાયરલ વીડિયો અનુસાર, ડાયરામાં કલાકાર માયાભાઈ આહીર એવું કહેતા સંભળાય છે કે, "તમે અમારો પગાર ખાવ છો, જેમ એના બાપુજીનો ટેક્સ ભરતા હોય એમ તમે અમારા ટેક્સના પૈસે પગાર લ્યો છો." આ જ વાતમાં સૂર પુરાવતા કીર્તિદાન ગઢવીએ કહ્યું હતું કે, "એ પાછા ટેક્સ ભરતા નથી અને રેશનિંગના ઘઉં ખાતા હોય છે." કલાકારોના આ નિવેદનથી ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગની લાગણી દુભાઈ છે, કારણ કે દેશનો ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ સોયથી લઈને તમામ નાની-મોટી વસ્તુઓ પર GST ચૂકવે જ છે.

જાગૃત નાગરિક રમેશભાઈ ઝીલરીયાએ વર્ષ ૨૦૦૫ના RTI એક્ટ હેઠળ મેળવેલી સત્તાવાર માહિતીનો હવાલો આપતા જણાવ્યું કેઃ

રાજકોટ ખાતે ૨૨/૦૬/૨૦૧૭ થી ૨૫/૦૬/૨૦૧૭ દરમિયાન યોજાયેલા સરકારી 'SAUNI' યોજનાના લોકાર્પણ કાર્યક્રમમાં આ બંને કલાકારોએ ભાગ લીધો હતો.

આ સરકારી કાર્યક્રમમાં માયાભાઈ આહીરે ૧ ડાયરાના રૂ. ૩.૫૦ લાખ સરકારી તિજોરીમાંથી લીધા હતા. જ્યારે કીર્તિદાન ગઢવીએ ૨ ડાયરાના કુલ રૂ. ૧૦ લાખ (૫-૫ લાખ લેખે બે વાર) ફી પેંટે પ્રજાના ટેક્સના પૈસામાંથી વસૂલ્યા હતા.

રમેશભાઈએ આક્રોશ સાથે જણાવ્યું કે, પ્રજાને શેરડીના સાંઠાની જેમ નીચોવીને ટેક્સ ઉઘરાવવામાં આવી રહ્યો છે ત્યારે કલાકારો સરકારની ચાપલૂસી કરી રહ્યા છે. તેમણે બંને કલાકારોને ખુલ્લી ચેલેન્જ આપી છે કે, જો તેઓ ૨૦૧૭માં એક જ કાર્યક્રમના લાખો રૂપિયા લેતા હોય, તો વર્ષ ૨૦૧૭ પછી તેમણેઃ

૧. કુલ કેટલા ડાયરા કર્યા અને કેટલી ફી વસૂલી?

૨. આ લાખો-કરોડોની કમાણી સામે પોતે સરકારને કેટલો ટેક્સ ચૂકવ્યો?

૩. સરકાર તરફથી તેમને અન્ય કયા-કયા આર્થિક લાભો મળ્યા છે?

## અમદાવાદમાં માયાભાઈ વિરૂધ્ધ હોર્ડિંગ્સ લાગ્યા



### રાજકોટમાં નાની વાતે ગોળીબારનો ખૂંખાર ખેલ

# જુગારીએ ગરાસિયા યુવાનની હત્યા કરી !

## નાનામવામાં સ્પીડમાં બુલેટ હંકારતા બે ભાઈઓને ફડાકા ઝીંકી દેનાર યુવકની ઘરમાંથી બોલાવી ગોળી મારીઃ દાદાની હાલત પણ ગંભીર

### આરોપીઓ પોલીસ પકડમાં

**નવલનગરના રણજીત વાળા, અભિમન્યુ રણજીત વાળા, રાજવીર રણજીત વાળા**






**મૃતક કૃષ્ણસિંહ જાડેજા**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના નાના મવામાં રહેતાં કૃષ્ણસિંહ જાડેજા નામના યુવાન રાતે ઘર બહાર હતાં ત્યારે તેમને અભિમન્યુ વાળા નામના છોકરા અને અન્ય છોકરા સાથે બોલાચાલી થઇ હતી. આ છોકરાઓ વારંવાર શેરીમાંથી ફુલ સ્પીડથી બૂલેટ હંકારી નીકળતાં હોઇ, રેસ કરતાં હોઇ તેને કૃષ્ણસિંહ આ રીતે બૂલેટ હંકારવાની ના પાડી હોઇ તો પણ સમજતાં ન હોઇ ગત રાતે પણ આ રીતે બૂલેટ લઇ નીકળતાં અભિમન્યુ નામના છોકરાને આ બાબતે ઠપકો દેતાં તેણે ફોન કરી પોતાના ભાઇ રાજવીરને બોલાવતાં રાજવીરે આવી તેં કેમ મારા ભાઇ સાથે લપ કરી? કહી ગાળો દેતાં તેને કૃષ્ણસિંહે બે-ત્રણ ઝાપટ મારી લેતાં બાદમાં અભિમન્યુના કહેવાથી તેના ભાઇ રાજદિપે ફોન કરી તેના પિતા રણજીત વાળાને બોલાવતાં રણજીત વાળાએ આવી બે રાઉન્ડ હવામાં ફાયર કર્યા બાદ બે ફાયર કૃષ્ણસિંહ ઉપર કરતાં તેમને પેટ, માથામાં ગોળી ખુંપી ગઇ હતી. આ વખતે તેમના પિતરાઇ દાદા રહેન્દ્રસિંહ ખુમાનસિંહ જાડેજા (ઉ.વ.૬૦) વચ્ચે પડતાં તેમને પણ બંદુકના કુંદા મારી માથામાં ઇજા કરી હતી. બંનેને ગિરીરાજ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં રહેન્દ્રસિંહને તબિબે દાખલ કર્યા હતાં અને કૃષ્ણસિંહને મૃત જાહેર કર્યા હતાં. હત્યાના આ બનાવની જાણ થતાં ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરી, એસીપી ક્રાઇમ ભરત બસીયા, તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણી તેમજ ડી. સ્ટાફ, ક્રાઇમ બ્રાંચ, એસઓજીનો કાફલો ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચ્યો હતો. તાલુકા પોલીસે આ બનાવમો હત્યાનો ભોગ બનેલા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા (ઉ.વ.૩૨)ના માસીના દિકરા કુલદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૪૦-રહે. નાના મવા ગામતળ શેરી નં. ૪, આશાપુરા કૃપા, મોકાજી સર્કલ પાસે)ની ફરિયાદ પરથી નવલનગર વિસ્તારના રણજીત વાળા, તેના બે દિકરા અભિમન્યુ રણજીત વાળા અને રાજવીર વાળા તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો છે.કુલદિપસિંહ જાડેજાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને ખેતી કામ કરી ગુજરાન ચલાવુ છું. બુધવારે તા. ૮ના રાતે નવેક વાગ્યે હું જમીને અમારી શેરીમાં વોકીંગ કરવા નીકળેલ હ તો. ત્યારે આશરે સાડા નવેક વાગ્યાના સુમારે શેરીમાં મારા માસીના દીકરા કળષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા તથા ત્રણ છોકરા સાથે ઉભા હતા. જેથી હું ત્યાં ગયેલ તો આ કળષ્ણસિંહ ત્યાં છોકરા સાથે બોલાચાલી કરતા હતા. જેથી મેં પુછતા મને જણાવેલ કે આ છોકરાઓ અવાર નવાર આ રોડ પરથી બૂલેટ સ્પીડમાં ચલાવી નીકળે છે અને હલ્લાબોલ કરે છે તેમને રોડ પર બૂલેટ ધીમે ચલાવવા બાબતે અવાર નવાર કહેલ છે તેમ છતાં તે બુલેટ લઈને નીકળે છે, અને આજે પણ બૂલેટ લઈને નીકળેલ અને બૂલેટ સ્પીડમા રેસ કરતા હોઇ જેથી મેં તેને રોકેલ હતા તેમ કહ્યું હતું.

### પોલીસ અને ગુનેગારોની ‘દોસ્તી’ ક્રાઈમ રેટ વધવાનું કારણ ?

# ‘રંગીલુ રાજકોટ’ હવે ‘અસુરક્ષિત રાજકોટ’ પોલીસનો ડર ખતમ; ગુંડારાજ શરૂ ?

## જાહેરમાં હથિયારો, મારામારીઃ પોલીસ નિષ્ફળ







જન કી બાત | અનિરુદ્ધ નકુમ

## પોલીસે શું કર્યું....

રાજકોટ જે શહેર ક્યારેક શાંતિ અને સંસ્કાર માટે ઓળખાતું હતું, આજે ત્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે. શહેરમાં એવું લાગી રહ્યું છે કે પોલીસનો ખૌફ હવે ગૂનેગારો માટે રહ્યો જ નથી. જાહેરમાં હથિયારો સાથે ફરી રહ્યા છે, રસ્તાઓ પર મારામારી થાય છે, દારૂ ખુલ્લેઆમ પીવામાં આવે છે અને આ બધું સોશિયલ મીડિયામાં વાયરલ થયા છતાં પોલીસની કાર્યવાહી ક્યાં છે ?

છેલ્લા એક મહિનામાં સામે આવેલી ઘટનાઓ ચોંકાવનારી છે. ભીમનગરમાં નિવૃત પોલીસકર્મી દ્વારા હથિયારો સાથે ગાળાગાળીનો વીડિયો સામે આવ્યો, અરજી પણ થઈ પરંતુ હજુ સુધી કોઈ કડક પગલાં નથી. બીજા વીડિયોમાં લુખ્ખા તત્વો એક યુવક પર જાહેરમાં તૂટી પડે છે. અન્ય એક દ્રશ્યમાં યુવાન રોડ પર ખુલ્લેઆમ દારૂ ગટગટાવે છે. આ બધું શહેરના મધ્યમાં થાય છે અને પોલીસ મૌન રહે છે. આ ચિંતાનો વિષય નથી તો શું છે?

સૌથી ગંભીર ઘટના બુધવારની રાતે બની, જ્યાં TRP ગેમ ઝોન નજીક માત્ર બુલેટ ચલાવવાના મામલે એક યુવાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી. શું આ રાજકોટ છે કે કોઈ ગુનેગારોનું મેદાન? આવી ઘટનાઓ બાદ પણ પોલીસની નીતિ અને કામગીરી પર સવાલો ઉઠવા સ્વાભાવિક છે.

પોલીસનો દાવો છે કે નાઈટ પેટ્રોલિંગ થાય છે, પરંતુ પ્રશ્ન એ છે કે પેટ્રોલિંગ માત્ર નિર્દોષ લોકોને રોકીને ચેક કરવા માટે જ છે? શહેરમાં જ્યાં દારૂના અડ્ડા ખુલ્લેઆમ ચાલી રહ્યા છે, ત્યાં તપાસ કેમ નથી થતી? શું અરજી અને ફરિયાદો ફક્ત કાગળ પૂરતી જ રહી ગઈ છે?

સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે રૂપિયાની તાકાતે ઘણા કેસોમાં કાર્યવાહી અટકાવવામાં આવે છે. જો આ સત્ય છે, તો તે વધુ ચિંતાજનક છે. કારણ કે જ્યારે કાયદાનો અમલ પૈસાથી પ્રભાવિત થવા લાગે, ત્યારે ગુનેગારોને ખુલ્લું મેદાન મળી જાય છે.

જો પોલીસ અને ગુનેગારો વચ્ચેની દોસ્તીની ધારણા લોકોમાં મજબૂત બનશે, તો તેનો સીધો અર્થ છે કે શહેરનો ક્રાઈમ રેટ વધતો જ જશે. કાયદાનો ડર જ ગુનાઓને અટકાવે છે અને જો એ ડર જ ખતમ થઈ જાય, તો પરિસ્થિતિ બેકાબૂ બનવામાં સમય લાગશે નહીં.

હવે સમય આવી ગયો છે કે રાજકોટ પોલીસ આત્મમંથન કરે. માત્ર દેખાવ માટેની કામગીરી નહીં, પરંતુ જમીન સ્તરે કડક અને નિષ્પક્ષ કાર્યવાહી જરૂરી છે. નહીં તો રંગીલું રાજકોટ હવે અસુરક્ષિત રાજકોટ તરીકે ઓળખાવા માંડશે અને તેની સંપૂર્ણ જવાબદારી તંત્ર પર રહેશે.

**પોલીસનો દાવો નાઈટ પેટ્રોલિંગ થાય છે, પરંતુ પ્રશ્ન એ છે કે પેટ્રોલિંગ માત્ર નિર્દોષ લોકોને રોકીને ચેક કરવા માટે જ છે? શહેરમાં દારૂના અડ્ડા ખુલ્લેઆમ ચાલી રહ્યા છે ત્યાં તપાસ કેમ નહીં ?**

## સાસણમાં કંઈ બન્યું જ નથીઃ મને બદનામ કરવાનો પ્રયાસઃ પ્રમુખ

# જિલ્લા પંચાયત પ્રમુખે કહ્યું ‘નશા’ના આક્ષેપો ખોટા; હિતશત્રુઓની ચાલ !

## હું રાજકીય રીતે આગળ વધુ એ અમુક રાજકીય લોકોને ગમતું નથી એટલે ષડયંત્ર રચ્યા કરે


તસવીરઃ અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ભાજપના પ્રશિક્ષણ વર્ગ બાદ જિલ્લા પંચાયતના પ્રમુખ સંજય પીપળીયા નશાની હાલતમાં હોવાની ચર્ચાઓ સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે. આ મામલે હવે પોતે સંજય પીપળીયાએ આગળ આવી તમામ આક્ષેપોને તથ્યવિહોણા ગણાવી સ્પષ્ટતા કરી છે.

સંજોગો મુજબ, ભાજપના પ્રશિક્ષણ વર્ગ દરમિયાન સાસણ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સંજય પીપળીયા નશામાં હતા તેવી ચર્ચાઓ ઉઠી હતી. જોકે, આ દાવાઓ સામે તેમણે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, “મારા પર લગાવવામાં આવેલા તમામ આક્ષેપો ખોટા અને બિનઆધારભૂત છે. આ મારા હિતશત્રુઓ દ્વારા મને નુકસાન પહોંચાડવા માટે રચાયેલ કાવતરું હોઈ શકે છે.”

તેમણે વધુમાં ઉમેર્યું કે, “સાસણમાં આવી કોઈ ઘટના બની જ નથી. આ કાર્યક્રમમાં ભાજપના ૩૫૦થી વધુ કાર્યકરો હાજર હતા અને હું મારા પરિવાર સાથે ત્યાં ગયો હતો. મારા વિરોધીઓ દ્વારા ખોટી સ્ટોરી ઉભી કરીને મારી છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.” આ મામલે આગળની કાર્યવાહી અંગે તેમણે જણાવ્યું કે, “અમે આ સમગ્ર ઘટનાને લઈને કાનૂની સલાહ લઈ રહ્યા છીએ અને ત્યારબાદ શું પગલાં લેવા તે અંગે નિર્ણય લેવામાં આવશે.”

## સંજય પીપળીયાએ આગળ આવી તમામ આક્ષેપોને તથ્ય વિહોણા ગણાવી સ્પષ્ટતા કરી

## પ્રમુખ સંજય પીપળિયાએ કહ્યું હું પરિવાર સાથે ગયો હતો 350 આગેવાનો પણ હાજર હતા

## જિલ્લા પંચાયત સામાન્ય સભા

## ખરાબ થયેલા રોડ-રસ્તાના મામલે તંત્રને સૂચનાઓ આપી દેવાઈ: પ્રમુખ

# રાજકોટ જિલ્લા પંચાયતમાં 8 સમિતિના ચેરમેન જાહેર




તસવીર: અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયત કચેરી ખાતે પ્રમુખ સંજય પીપળીયાના અધ્યક્ષસ્થાને એક ખાસ સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન રાજકોટ જિલ્લા પંચાયતની બાકી રહેલી વિવિધ કુલ ૮ જેટલી મહત્વની સમિતિઓના ચેરમેનોની સત્તાવાર વરણી કરવામાં આવી હતી. આ નવી સમિતિઓની રચના થવાથી જિલ્લાની વહીવટી અને વિકાસલક્ષી કામગીરીને વધુ વેગ મળશે.ચોમાસાની ઋતુ અંગે વાત કરતા પ્રમુખે જણાવ્યું હતું કે જિલ્લામાં સારો વરસાદ પડ્યો છે, પરંતુ ખેતી અને જળાશયો માટે હજુ વધુ વરસાદની જરૂર છે. ચોમાસા દરમિયાન ખરાબ થયેલા રોડ-રસ્તાના મામલે તંત્રને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે. સ્થાનિક નાગરિકોને અવરજવરમાં કોઈ અગવડતા પડે નહીં તે અમારી સૌથી પહેલી પ્રાથમિકતા રહેશે. વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું નાગરિકો ચુસ્તપણે પાલન કરે અને કટોકટીના સમયે એકબીજાને મદદરૂપ થાય તેવી અપીલ પણ તેમણે કરી હતી. આ બેઠકમાં માત્ર સમિતિઓની રચના ઉપરાંત જિલ્લા પંચાયત સ્વભંડોળ સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩થી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન મંજૂર થયેલા વિવિધ વિકાસકામોને સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી.

### વિવિધ 8 સમિતિઓ અને નવ નિયુક્ત ચેરમેનોની યાદી

- કારોબારી સમિતિ ચેરમેન: નરશીભાઈ શંભુભાઈ સોજીત્રા
- સામાજીક ન્યાય સમિતિ ચેરમેન: જગદીશભાઈ દેવજીભાઈ પરમાર
- શિક્ષણ સમિતિ ચેરમેન: નીલેશભાઈ અમરશીભાઈ હીરપરા
- આરોગ્ય સમિતિ ચેરમેન: વિલાસભાઈ વલ્લભભાઈ ઢાંકેચા
- બાંધકામ સમિતિ ચેરમેન: ભારતીબેન મજબુતભાઈ હુંબલ
- અપીલ સમિતિ: ચેરમેન સંજયભાઈ પોલાભાઈ પીપળીયા
- મહિલા અને બાળવિકાસ સમિતિ ચેરમેન: કુંદનબેન વિજયદાન માવલ
- ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ ચેરમેન: દેવેન્દ્રભાઈ પરબતભાઈ ઝાપડિયા







## સિટી ન્યૂઝે ઈન્વેસ્ટમેન્ટ સ્કેમનો પર્દાફાશ કર્યો હતો

# અંતે જાડેજા બ્રધર્સ નિકળ્યા ‘મહાઠગ’!

- જાડેજા બ્રધર્સના સંચાલકોએ કંપનીના રોકાણ ઉપર વધુ વળતરની લાલચ આપી 80 લાખ પડાવી લીધા
- રાજકોટની સ્કૂલના નિવૃત પ્રિન્સીપાલ સહિતના સાથે છેતરપિંડી આચરનાર સામે પોલીસ ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં લોકોને લાલચની જાળ બીછાવી છેતરપીંડી આચરતા શખસો બેકાબુ બન્યા હોય તેમ ૧૫૦ ફુટ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે ઓફીસ ખોલી કંપનીમાં રોકાણમાં વધુ વળતર આપવાની લાલચ આપી બાયસાહેબબા સ્કુલના નિવૃત પ્રિન્સીપાલ સહીતના લોકો પાસે ૮૦ લાખનું રોકાણ કરાવી શરૂઆતમાં વળતર ચુકવ્યા બાદ નાણા કે વળતર નહી ચુકવી છેતરપીડી આચર્યાની ફરીયાદ કરતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોધી તપાસ કરતા ભોગ બનનાર અને આરોપીઓનો આંક વધુ હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે જાડેજા બંધુ કંપનીના સંચાલકને જડપી લેવા કાર્યવાહી કરી છે.

પોલીસ સત્રોના જણાવ્યા મુજબ ગાયત્રીનગરમાં રહેતા અને બાયસાહેબબા સ્કુલના નીવૃત પ્રીન્સીપાલ જાગૃતીબેન પંકજભાઈ જોષીએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે જાડેજા બ્રધર્સ ગેઈન






સર્વીસ પ્રાઈવેટ કંપનીના સંચાલક રાજદિપસિંહ જાડેજાનું નામ આપ્યુ હતુ. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તને બ્રહ્માકુમારીઝ આશ્રમમાં પરિચયમાં આવેલી યુવતી મારફતે રાજદીપસીંહ સાથે પરીચય થયો હતો અને કંપનીમાં રોકાણમાં વધુ વળતર આપવાની સ્કીમની જાણ કરી હતી, જેના આધારે તેમણે અને તેમના પરિવારે ૨૯ લાખનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં નિયમિત વળતર ચૂકવ્યા બાદ ઓક્ટોબર ૨૦૨૫થી આરોપીએ વળતર આપવાનું અચાનક બંધ કરી દીધું હતું અને ઓફ્સિને તાળાં મારી ફરાર થઈ ગયો હતો. જેથી તેને તપાસ કરતા તેની સાથે છેતરપીંડીમાં દામિનીબેન પ્રજાપતી, પ્રકાશભાઈ વણજારા સહિત અન્ય પાંચ લોકો પણ ૫૧ લાખમાં ભોગ બન્યા હોય અને આરોપી તેના પરીવાર અને અન્ય મળી લોકોના ૮૦ લાખની ઠગાઈ થયાનુ જણાવતા પીઆઈ દવે સહીતે ગુનો નોધી તપાસ હાથ ધરી છે ભોગ બનનારનો આંક વધુ હોવાનુ બહાર આવે તેવી શક્યતાએ પોલીસે આરોપીને પકડી લેવા દોડધામ શરુ કરી છે.

## સિટી ન્યૂઝે જાડેજા બ્રધર્સનો મહાઠગાઈ કાંડ એક્સપોઝ કર્યો હતો


સિટી ન્યૂઝ Rajkot 18 | 16 JUNE 2026, TUESDAY

રાજકોટમાં 3% વ્યાજની લાલચમાં કરોડોનું બૂચ

જાડેજા બ્રધર્સ ઈન્વેસ્ટમેન્ટ પેઢીના ઉઠામણાં? ઓફિસે તાળા; લોકોના 20 કરોડ ફસાયા?

જાડેજા પૃથ્વીરાજસિંહે પોલીસમાં અરજી પણ કરી હતી

16મી જાન્યુઆરીએ દામીની નામની યૂવતીએ પોલીસ ફરિયાદ કરી હતી તેના 10 લાખ રૂપિયા હતા

રોકાણ કરનાર લોકોને નફાનું ચૂકવણું નહીં કરાતા આરો ભાંડાફોડ થયો


સિટી ન્યૂઝ Rajkot 02 | 18 JUNE 2026, THURSDAY

સિટી ન્યૂઝ સત્ય લખે તો મરચાં લાગે !

સત્યથી બેચેન જાડેજા બ્રધર્સ; ચિટિંગનો ખેલ બેનકાબ : આ રહ્યા પૂરાવા

3% વળતરની લાલચમાં કરોડોનો ‘ખેલ’

અરજી થઈ હતી જવાબ લઈ જવા દેવાયા

રાજકોટ પોલીસની ‘ભૂલ’ નડી ગઈ !

ડંફાસનો જવાબ પૂરાવાથી

પુષ્પરાજસિંહ જાડેજા રૂા. 62,00,000

હેમાંગ આહિર રૂા. 20,00,000

જયદિપ માલી રૂા. 50,00,000

શિલ્પાબેન મકવાણા રૂા. 3,00,000

લોકોને જે ચેક આપ્યા છે તેમાં બુદ્ધિપૂર્વક 2029ની ડેટ નાંખવામાં આવી છે એટલે ત્યાં સુધી લોકો ફરિયાદ ન કરી શકે


સિટી ન્યૂઝ Rajkot 02 | 18 JUNE 2026, THURSDAY

ડિફેન્સમાં બનાવેલો વીડિયો બન્યો ‘ટ્રેપ’

‘જાડેજા બ્રધર્સ’નો વીડિયો વાયરલ, પોલ ખૂલ્લી, કોમેન્ટમાં ચીટિંગના આક્ષેપોનો ‘વરસાદ’

ખોટા કહ્યા બાદ હવે ફસાયા : રાજકોટથી દિલ્હી સુધીના લોકોને ફસાવ્યા

## ગ્રાઉન્ડ રિપોર્ટ: શહેરમાં દવાના નામે ચાલી રહ્યો છે જોખમી ખેલ

# રાજકોટમાં 'હેલ્થ સ્કેમ'

# ડોક્ટરો જ દવા કંપનીના માલિક?

## સાવધાન રાજકોટ : રાજકોટમાં ડોક્ટરો જ લખે છે પોતાની કંપનીની દવા




**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોરોનાકાળ બાદ લોકો પોતાના સ્વાસ્થ્યને લઈને વધુ ચિંતિત બન્યા છે, પરંતુ બીજી તરફ સ્વાસ્થ્યના નામે કમાણી કરવાનો એક મોટો અને જોખમી ખેલ રાજકોટમાં શરૂ થઈ ગયો છે. 'સીટી ન્યુઝ'ના ગ્રાઉન્ડ રિપોર્ટમાં એક એવો ચોંકાવનારો ખુલાસો થયો છે જે જાણીને સામાન્ય જનતાના પગ નીચેથી જમીન સરકી જશે.

મેડિકલ સ્ટોરમાં કમિશનની વાતો તો જૂની થઈ ગઈ, પણ હવે તો રાજકોટમાં ચાલતી મોટાભાગની લોકલ દવા કંપનીઓમાં ખુદ ડૉક્ટરો જ પડદા પાછળ 'ભાગીદાર' હોવાની વિગતો સામે આવી રહી છે!

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોરોના મહામારી પછી રાજકોટમાં આવી લોકલ ફાર્માસ્યુટિકલ કંપનીઓનો જાણે રાફડો ફાટ્યો છે. હાલમાં માત્ર રાજકોટમાં જ અંદાજે ૧૦૦થી વધુ લોકલ કંપનીઓ ધમધમી રહી છે.

આ કંપનીઓ શરૂ કરવાની મોડસ ઓપરેન્ડી (પદ્ધતિ) એટલી સરળ અને ચોંકાવનારી છે કે કોઈ પણ માથું ખંજવાળવા મજબૂર થઈ જાય.

મહિનાના માત્ર ૬ થી ૭ હજાર રૂપિયા ખર્ચીને ૨૦૦ ફૂટની નાની દુકાન કે ઓફિસ ભાડે રાખવામાં આવે છે. આવી કંપનીઓ માટે કોઈ કડક નીતિ-નિયમો જ નથી! માત્ર એક ડ્રગ લાઈસન્સ મેળવીને ત્રીજી જ પાર્ટી (Third Party) પાસે દવાઓ બનાવડાવી, તેના પર પોતાનું લેબલ ચોંટાડીને આખું



નેટવર્ક ઊભું કરી દેવાય છે. દર્દીઓને છેતરવા માટે એક માસ્ટર પ્લાન ઘડાય છે. આ નવી શરૂ થતી કંપનીઓના ઓફિશિયલ એડ્રેસ (સરનામા) રાજકોટ બહારના રાખવામાં આવે છે, જેથી દર્દી કે સામાન્ય નાગરિકને ક્યારેય શંકા ન જાય કે આ કોઈ લોકલ કે ગલી-કૂચીની કંપનીની દવા છે!

જે દવાઓ દર્દીને સાજો કરવા માટે હોય છે, તે દવાઓ જો માત્ર નફાના હેતુથી અને ગુણવત્તાના કોઈ પણ ચોક્કસ માપદંડો વિના બનતી હોય, તો તે સીધી માનવ જીંદગી માટે 'ઝેર' સમાન સાબિત થઈ શકે છે. ડૉક્ટરો પોતે જ જો આવી કંપનીઓમાં ભાગીદાર હોય, તો સ્વાભાવિક છે કે તેઓ દર્દીને સાજી કરવાને બદલે પોતાની જ બ્રાન્ડની દવાઓ પ્રિસ્ક્રિપ્શનમાં લખવાના! આવી લોકલ દવાઓ આવનારા સમયમાં લોકોના સ્વાસ્થ્ય પર અત્યંત ગંભીર અને જીવલેણ આડઅસરો ઊભી કરી શકે છે.

### સીટી ન્યુઝનો જનતા અને તંત્રને સીધો સવાલ

ડૉક્ટર જ્યારે કોઈ અજાણી કે મોંઘી બ્રાન્ડની દવા લખે, ત્યારે સવાલ પૂછો. હંમેશા જેનરિક અથવા સ્ટાન્ડર્ડ અને પ્રતિષ્ઠિત કંપનીઓની દવાઓનો આગ્રહ રાખો. તમારી જાગૃતિ જ ફાર્મા માફિયાઓનો ખેલ ખતમ કરી શકે છે. ડ્રગ વિભાગ અને આરોગ્ય તંત્ર માત્ર કાગળ પર ડ્રગ લાઈસન્સ આપીને કેમ સંતોષ માની રહ્યું છે? આવી ૨૦૦ ફૂટની ઓફિસોમાં ચાલતી કંપનીઓની દવાનું ક્વોલિટી ચેકિંગ કેમ નિયમિત નથી થતું? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?

## સિંગર અત્યારે ઓસ્ટ્રેલિયા પ્રવાસે છે

# કિંજલ દવેની બીજી વાર સગાઈ તૂટી ?

### કિંજલ દવેએ તાજેતરમાં જ ધ્રુવિન સાથેની ગોળ અને ધાણાની તસવીરો પોતાના ઈન્સ્ટાગ્રામમાંથી ડિલીટ કરતા ચર્ચા જાગી



### હજુ સુધી બંન્નેના પરિવારમાંથી સગાઈ ફોક થઈ હોવાની સત્તાવાર જાણ કરી નથી


### માર્ચ 2023માં તે સગાઈ તૂટી ગઈ હતી

**પહેલી સગાઈ કિંજલ દવેએ બાળપણના મિત્ર પવન જોષી સાથે કરી હતી**




### 6 ડિસેમ્બર 2025માં ગોળધાણા ખાધા હતા


**બીજી સગાઈ કિંજલે બિઝનેસમેન અને અભિનેતા ધ્રુવીન શાહ સાથે કરી હતી**



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતી લોક સંગીત ક્ષેત્રે 'ચાર ચાર બંગડીવાળી ગાડી' ફેમ સિંગર કિંજલ દવે હાલમાં ભારે ચર્ચામાં આવી છે. ચર્ચાનું કારણ કોઈ નવું ગીત કે આલ્બમ નથી, પરંતુ તેની પર્સનલ લાઈફ અને સગાઈ છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ગપસપ અને ચર્ચાઓ મુજબ, કિંજલ દવે અને તેના મંગેતર ધ્રુવિન શાહ વચ્ચે બધું બરાબર નથી ચાલી રહ્યું અને તેમની સગાઈ તૂટી ગઈ હોવાની અટકળોએ ભારે જોર પકડ્યું છે. આ ચર્ચાને હવા ત્યારે મળી જ્યારે બંનેએ પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી એકબીજા સાથેની ગોળ-ધાણા (સગાઈ) ની તમામ તસવીરો અને પોસ્ટ્સ ડિલીટ કરી નાખી છે. મળતી માહિતી મુજબ, ગુજરાતી સિંગર કિંજલ દવે હાલમાં પોતાના મ્યુઝિકલ પ્રોગ્રામ્સ અને શોઝના સિલસિલામાં ઓસ્ટ્રેલિયાની ટૂર પર છે. વિદેશની ધરતી પરથી તે સતત પોતાના ચાહકો માટે તસવીરો અને રીલ્સ શેર કરી રહી છે, પરંતુ આ જ ગાળા દરમિયાન તેના ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ધ્રુવિન શાહ સાથેની સગાઈની યાદો ગાયબ થઈ ગઈ છે. કિંજલે અચાનક જ સગાઈના ફંક્શનની તસવીરો, વીડિયો અને રોમેન્ટિક કેપ્શન વાળી તમામ પોસ્ટ્સ પ્રોફાઈલમાંથી હટાવી લેતા તેના ચાહકો પણ આશ્ચર્યમાં મૂકાયા છે. આ મામલે ચોંકાવનારી વાત એ છે કે માત્ર કિંજલ દવે જ નહીં, પરંતુ તેના મંગેતર ધ્રુવિન શાહે પણ થોડા દિવસો પહેલા જ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ગોળ-ધાણાની તમામ તસવીરો અને વીડિયો ડિલીટ કરી દીધા હતા.






**તા.7 જૂનનાં કિંજલ દવે અને ધ્રુવિન શાહ બ્લુ કલબમાં કપડાની ખરીદી કરવા ગયા હતા...**




**પોલીસમાં જ જંગ** 27 વર્ષની સેવા પર પોતાના જ અધિકારીએ ઘરવિહોણી બનાવી!


# રાજકોટમાં મહિલા ASIને માનસિક ત્રાસઃ ક્વાર્ટર પર કબજો લઇ લીધો!

## સરકારી ક્વાર્ટરમાં દવા, ઘરવખરી, ચીજવસ્તુ, ડોક્યુમેન્ટ લેવા જવા પણ અંદર નથી જવા દેતા



## સિટી ન્યૂઝ સમક્ષ મહિલા ASIએ પોતાની આપવિતી વર્ણવી



સિટી ન્યૂઝ@સુરત

રાજકોટ શહેરમાં પોલીસ વિભાગની આંતરિક ગેરરીતિ અને એક મહિલા પોલીસ અધિકારીની કથિત સતામણીનો અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. છેલ્લા ૨૭ વર્ષથી પોલીસ વિભાગમાં નિષ્કલંક અને પોઝિટિવ સેવા આપનાર મહિલા આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર (ASI) શ્રીમતી બી.જી. જાડેજાએ પોતાના જ વિભાગના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પર સત્તાનો દુરુપયોગ કરી, માનસિક ત્રાસ આપવા અને સરકારી ક્વાર્ટરમાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરવાના ગંભીર આક્ષેપો કર્યા છે. મળતી માહિતી મુજબ, ASI શ્રીમતી બી.જી. જાડેજા તેમના પરિવાર સાથે રાજકોટ શહેર પોલીસ હેડક્વાર્ટરના બ્લોક નં. B/૫, ક્વાર્ટર નં. ૭૦ માં રહે છે. ગત તારીખ ૦૭/૦૭/૨૦૨૬ ની રાત્રે જ્યારે તેમના પરિવારના સભ્યો ક્વાર્ટર પર ગયા ત્યારે જાણવા મળ્યું હતું કે તેમના ઘરના દરવાજાનું તાળું તોડીને બીજું તાળું મારી દેવામાં આવ્યું હતું. ત્યાં હાજર એક અજાણી મહિલાએ તેમના પરિવારને ધમકાવતા કહ્યું હતું કે, "આ તારું ઘર નથી રહ્યું, તારો સામાન ગોતી લે અને અહીંથી જતી રહે. પીડિત મહિલા ASI નો સીધો આક્ષેપ સહદેવસિંહ ઝાલા નામના વ્યક્તિ પર છે, જેમણે કથિત રીતે ગેરકાયદેસર અને ગેરશિસ્ત વર્તન કરી સરકારી મિલકતનું તાળું તોડ્યું છે. અગાઉ વર્ષ ૨૦૨૫માં પણ ખાલી કરવા માટે ગેરકાયદેસર નોટિસો ચોંટાડવામાં આવી હતી અને તેમના ક્વાર્ટરનું લાઈટ મીટર ઉતરાવી લઈને પરિવારને અંધારામાં રહેવા મજબૂર કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર વિવાદનું મૂળ CID ક્રાઇમની ડેપ્યુટેશનમાં છુપાયેલું હોવાનું જાણવા મળે છે. અરજદાર મહિલા ASI ની ૩ વર્ષ માટે (તા. ૨૮/૦૭/૨૦૨૨ થી ૨૮/૦૭/૨૦૨૫) CID ક્રાઇમમાં નિમણૂક કરવામાં આવી હતી. પરંતુ, કથિત રીતે ૧૦-૧૧ વર્ષથી ત્યાં જ ચીપકી રહેલા અન્ય પોલીસકર્મીઓને બચાવવા અને તેમને ફરી ગોઠવવા માટે, આ મહિલા ASI ને માત્ર ૭ માસમાં જ મૌખિક રીતે બદલી કરી દેવામાં આવી હતી.

આશ્ચર્યની વાત એ છે કે, તેમને કોઈ સત્તાવાર છુટા કર્યાનો કે બદલીનો હુકમ આપવામાં આવ્યો નથી અને ત્યારથી તેમનો પગાર પણ અટકાવી દેવામાં આવ્યો છે. ગંભીર બીમારી કે પરિવારમાં મૃત્યુ જેવા કપરા સમયમાં પણ તેમને કોઈ આર્થિક સહાય કે પગાર આપવામાં આવ્યો નથી. પોતાની સાથે થઈ રહેલા અન્યાય સામે મહિલા ASI એ રાજ્યના મુખ્ય પોલીસ વડા, મુખ્યમંત્રી કાર્યાલય, મહિલા આયોગ અને માનવ અધિકાર પંચ સહિત તમામ ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતો કરી છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાજેતરમાં ૦૪/૦૭/૨૦૨૬ ના રોજ પણ ઓનલાઈન તપાસના આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, સ્થાનિક કક્ષાએ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

હાલમાં આ મહિલા પોલીસકર્મી અને તેમનો પરિવાર ભારે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. સતત જોહુકમી, ધમકીઓ અને માનસિક ત્રાસને કારણે તેમનું સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. અરજદારે ઉચ્ચ સત્તાધીશો સમક્ષ નમ્ર અપીલ કરી છે કે, સરકારી નિયમોનું ઉલ્લંઘન કરનારા અને સત્તાનો દુરુપયોગ કરનારા તત્વો સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને કોઈ મોટી કે અઘટિત ઘટના બને તે પહેલાં તેમને અને તેમના પરિવારને સુરક્ષા પૂરી પાડવામાં આવે. આ ઘટનાથી પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે અને રક્ષક જ જ્યારે ભક્ષક બને ત્યારે ન્યાય કોની પાસે માંગવો તેવો સવાલ ઊભો થયો છે. આ સરકારી ક્વાર્ટર ન. ૭૦માં અમારી દવા, ઘરવખરી, કિમતી ચીજવસ્તુ, કિંમતી કાગળો, ડોક્યુમેન્ટ પડેલ છે.

# રાજકોટ પોલીસના બે જાહેરનામા



## વેંચાણ નહીં થયેલી ખંડિત મૂર્તિઓ બિનવારસી હાલતમાં મુકી નહીં શકાય

# ગણેશ મહોત્સવમાં 9 ફૂટથી ઊંચી મૂર્તિનું સ્થાપન કરવા પ્રતિબંધ

» પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ બનાવી કે વેંચી શકાશે નહીં

» નક્કી કરેલા સ્થળો ઉપર જ મૂર્તિનું વિસર્જન કરવાનું રહેશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આગામી તા.૧૪ સપ્ટેમ્બરથી ગણેશ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જેને અનુલક્ષીને આ વખતે પણ નવ ફૂટ કરતા ઊંચી ગણપતિજીની મૂર્તિની સ્થાપના ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે. પોલીસ કમિશનરના જાહેરનામામાં જણાવાયું છે કે, પ્લાસ્ટર ઓફ પેરીસની ગણપતિજીની મૂર્તિ બનાવવી કે વેંચી નહીં શકાય.
સ્થાપના પણ નહીં કરી શકાય. ૯ ફૂટ કરતા ઊંચી મૂર્તિ પણ વેંચી, બનાવી કે સ્થાપન નહીં કરી શકાય. નક્કી કરેલા સ્થળો પર જ મૂર્તિનું વિસર્જન કરી શકાશે. જે જગ્યાએ મૂર્તિઓ બનાવાતી હોય ત્યાં અને આજુબાજુના વિસ્તારોમાં કોઈપણ પ્રકારની ગંદકી ન થાય તેનું મૂર્તિકારોએ ધ્યાન રાખવું પડશે. મૂર્તિની બનાવટમાં ઝેરી કેમિકલયુક્ત રંગોનો પણ ઉપયોગ નહીં કરી શકાય. સ્થાપના દિવસ બાદ વેંચાણ ન થયેલી અને ખંડિત થયેલી મૂર્તિઓ બીનવારસી હાલતમાં મૂકી નહીં શકાય.
કોઈપણ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મૂર્તિઓનું વેંચાણ કે સ્થાપન નહીં કરી શકાય. વિસર્જન સરઘસ યોજવા માટે પરમિટ સિવાયના અન્ય રૂટ પર જઈ નહીં શકાય. પંડાલમાં ફરજિયાત સીસીટીવી કેમેરા લગાડવાના રહેશે. આ ઉપરાંત અગ્નિશમનના સાધનો પણ મુકવા પડશે.





## ભગવાન જગન્નાથની રથયાત્રા અન્વયે પોલીસ કમિશનરનું જાહેરનામું

# રાજકોટમાં અષાઢી બીજે 25 રસ્તાઓ ઉપર નો પાર્કિંગ-નો એન્ટ્રી

**સિટી ન્યૂઝ@રાજકોટ**


આગામી તા.૧૬ના રોજ અષાઢી બીજના પવિત્ર પર્વે રાજકોટ શહેરમાં જગન્નાથ મંદિર કૈલાસ ધામ આશ્રમથી ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રામાં રાજકોટ શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી અખાડાઓ, શણગારેલા રથો, આકર્ષક ટેબ્લો અને લાખોની મેદની દર્શનાર્થે ઊમટી પડવાની છે. આટલી મોટી સંખ્યામાં જનમેદની એકત્ર થવાની હોવાથી શહેરમાં ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય અને રથયાત્રા સુગમતાથી પસાર થઈ શકે તે માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા એક વિસ્તૃત જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જાહેરનામા અનુસાર, રથયાત્રા જે રોડ પરથી પસાર થવાની છે તેના બે કલાક પહેલાં જ તમામ પ્રકારના સામાન્ય વાહનો માટે "પ્રવેશ બંધ અને "નો-પાર્કિંગ ઝોન અમલી બની જશે રથયાત્રા ખોડિયાર આશ્રમથી પ્રસ્થાન થઈને મોક્કાજી સર્કલ, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, પુષ્કર ધામ મેઈન રોડ, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુ વાસવાણી રોડ, રૈયા રોડ, હનુમાન મઢી ચોક, આમ્રપાલી અંડરબ્રિજ, કિસાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, સદર બજાર, હરિહર ચોક, લીમડા ચોક, ત્રિકોણ બાગ, ઢેબર ચોક, સાંગણવા ચોક, ભૂપેન્દ્ર રોડ, પેલેસ રોડ, ગુંદાવાડી, કેનાલ રોડ, કેવડાવાડી, સોરઠીયાવાડી સર્કલ, કોઠારીયા રોડ, દેવપરા ચોક, સહકાર મેઈન રોડ, ઢેબર રોડ, પી.ડી.એમ. કોલેજ, સ્વામિનારાયણ ચોક, કૃષ્ણનગર, મવડી મેઈન રોડ, માયાણી ચોક, રાજનગર ચોક થઈ નાના મૌવા મેઈન રોડ થઈને રથયાત્રા પરત કૈલાસ ધામ નીજ મંદિર ખાતે સંપન્ન થનાર હોય આ તમામ રાજમાર્ગો ઉપર બે કલાક તમામ વાહનોને નો પાર્કિંગ અને નો એન્ટ્રી ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ભારતથી તેના પ્રત્યાર્પણ માટે FBI તૈયારી કરી રહ્યું છે

# સાબરમતી જેલમાં કેદ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ને અમેરિકાને સોંપવામાં આવશે ?

**લોરેન્સ ઉપર 84 કેસઃ 40 કેસોમાં નિર્દોષ જાહેર**

સિટી ન્યૂઝ@વોશિંગ્ટન
ભારત અને દુનિયાભરમાં ભયનું પ્રતીક બની ગયેલા કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. યુએસ ગુપ્તચર એજન્સી, FBI, બિશ્નોઈ ગેંગ પર તેની કાનૂની પકડ કડક કરી રહી છે અને યુએસથી યુરોપ સુધીના ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે, જેના કારણે ગેંગમાં ગભરાટ ફેલાયો છે. ઓપરેશન હાર્ડબોલ દરમિયાન યુએસ, કેનેડા અને યુરોપની એજન્સીઓએ ૨૪ ધરપકડો કરી છે. આમ, ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય ભારતીય ડોન માટે 'ટ્રમ્પ' વગાડ્યું છે. ધરપકડ કરાયેલા તમામ લોકો પર ભારત સાથે જોડાયેલા સંગઠિત ગુનાહિત જૂથો સાથે જોડાણ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ કેસમાં સૌથી અગ્રણી નામ લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર ગેંગ છે. લોરેન્સ અને ગોલ્ડી પર ૨૦૨૩ માં કેનેડામાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યાનું કાવતરું ઘડવા સહિત અનેક કેસોમાં આરોપ મૂકવામાં આવ્યા છે. અમેરિકા હવે ભારત પાસેથી લોરેન્સનું પ્રત્યાર્પણ કરાવવાની તૈયારી કરી રહ્યું છે. કુખ્યાત ગોલ્ડી બ્રાર માટે $૫૦,૦૦૦ નું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું છે. એક નિવેદનમાં, કેનેડાના પોલીસ વડાએ જણાવ્યું હતું કે અમેરિકા ટ્રાયલ માટે ભારત પાસેથી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું પ્રત્યાર્પણ માંગશે. અમેરિકાએ નિજ્જરની હત્યાનો આરોપ બિશ્નોઈ પર લગાવ્યો છે. બિશ્નોઈ હાલમાં ભારતમાં જેલમાં છે. જોકે, કેનેડિયન અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે નિજ્જરની હત્યામાં કોઈ ભારતીય સરકારી અધિકારીની સંડોવણીના કોઈ પુરાવા મળ્યા નથી, જેમ કે કેનેડા દ્વારા અગાઉ કહેવામાં આવ્યું હતું. ગોલ્ડી બ્રાર તરીકે ઓળખાતા સતીન્દરજીત સિંહ વિશે માહિતી ધરાવનાર કોઈપણ વ્યક્તિએ FBI હેલ્પલાઈન ૧-૮૦૦-CALL-FBI પર સંપર્ક કરવો જોઈએ અથવા FBI ની ટિપ્સ વેબસાઈટ દ્વારા માહિતી શેર કરવી જોઈએ. આવા વ્યક્તિને $૫૦,૦૦૦ નું ઈનામ આપવામાં આવશે.



**જેલમાં એકાંત કારાવાસમાં 24 કલાક CCTV દેખરેખ હેઠળ**

**સાબરમતી જેલમાંથી લોરેન્સને બહાર કાઢવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે**

**જેલમાં બેઠા-બેઠા લોરેન્સ વોટ્સએપ એપ્લિકેશનનો ઉપયોગ કરી યુએસએમાં પીડિતો પાસેથી 45 કરોડની ખંડણી માંગવાનો પ્રયાસ કર્યો હતો**


## ઓપરેશન હાર્ડબોલ હેઠળ મોટી કાર્યવાહી, કાર્યકરોમાં ગભરાટ

ઓપરેશન હાર્ડબોલ યુએસ એજન્સી એફબીઆઈ, લોસ એન્જલસ પોલીસ, રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ અને યુરોપિયન દેશોની સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનના ભાગ રૂપે સેંકડો સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. ૨૪ ધરપકડો ઉપરાંત, ૧,૦૦૦ કિલોગ્રામ કોકેન, રોકડ અને શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યા હતા. યુએસ ફેડરલ પ્રોસિક્યુટર્સે જણાવ્યું છે કે યુએસ, કેનેડા અને યુરોપમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશન હાર્ડબોલ હેઠળ "ભારત સ્થિત સંગઠિત ગુના જૂથો" સાથે જોડાયેલા ૨૪ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. ત્રણ ફેડરલ આરોપોમાં કુલ ૩૭ આરોપીઓ પર આરોપ મૂકવામાં આવ્યા છે. તેમના પર હત્યાના કાવતરા, ખંડણી અને ડ્રગ હેરફેરના આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે.

## મહારાષ્ટ્રના રાયગઢમાં વરસાદ બાદ

# 3000 ગેસના બાટલા પૂરમાં તણાયા

## બિહારમાં વીજળી પડવાથી ખેડૂતનું મોત

## પૂણેમાં ઈમારત ધરાશાચી 9 લોકોના રેસ્ક્યુ

**સિટી ન્યૂઝ@મુંબઈ**

મહારાષ્ટ્રના રાયગઢમાં વરસાદ બાદ ૩,૦૦૦ LPG સિલિન્ડર પાતાળગંગા નદીમાં તણાઈ ગયા. પનવેલના LPG બોટલિંગ પ્લાન્ટમાં પૂર આવ્યા બાદ સિલિન્ડર તણાયા. પ્રશાસને લોકોને અપીલ કરી છે કે જો ક્યાંય સિલિન્ડર મળે તો તેને સ્પર્શ ન કરે અને ઘરે ન લઈ જાય. મધ્ય પ્રદેશમાં બુધવારે ૨૭થી વધુ જિલ્લાઓમાં વરસાદ થયો. સૌથી વધુ દમોહમાં ૧.૭૫ ઈંચ વરસાદ નોંધાયો. ખરગોનમાં રૂપારેલ નદીના પાણીમાં એક યુવક તણાઈ ગયો હતો.

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં નાલુપાની અને યમુનોત્રી નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું. જ્યારે, ટિહરીમાં બુધવારે NH-૭૦૭A પર દુકાનો પાસે ભૂસ્ખલનમાં એક મકાન ધરાશાચી થયું. આસપાસના બે થી ત્રણ મકાનો ગમે ત્યારે પડી શકે છે.

રાજસ્થાનના અજમેર જિલ્લાના કિશનગઢમાં બુધવારે રાત્રે વરસાદને કારણે એક મકાન ધરાશાચી થયું. આ દુર્ઘટનામાં પતિ-પત્ની સહિત ત્રણ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. ત્રણેયને બચાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અલવરમાં વરસાદને કારણે બજારમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા. દિલ્હીમાં આજે સવારથી વરસાદ પડી રહ્યો છે. રેલવે સ્ટેશન, મુનિરકા અને ઘણા વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા. હવામાન વિભાગે આજે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બુધવારે રોહિણીમાં એક નિર્માણાધીન ઈમારત ધરાશાચી થતાં ત્રણ લોકોના મોત થયા.

સુરતમાં સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પૂરમાં ત્રણ દિવસમાં ૧૯ લોકોના મોત થયા છે. જ્યારે, મહારાષ્ટ્રના પુણેમાં ભારે વરસાદને કારણે કચરાનો પહાડ ત્રણ માળની ઈમારત પર પડ્યો, જેના કારણે ઈમારત ધરાશાચી થઈ.

મુંબઈમાં BMCએ જોખમી વૃક્ષોની ઓળખ માટે ચેતવણી આપતા પોસ્ટર લગાવ્યા છે. માટુંગા, કિંગ્સ સર્કલ, વડાલા અને આરે કોલોની સહિતના વિસ્તારોમાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે, જ્યાં આવા વૃક્ષો વધુ છે. ૧ જૂનથી ૮ જુલાઈ સુધી ૧૯૫.૫ મિમી વરસાદ થયો છે. જ્યારે સામાન્ય વરસાદનો આંકડો ૨૩૦.૪ મિમી છે. એટલે કે ૧૫% ઓછો થયો છે. આ તરફ, ચોમાસું સામાન્ય રીતે ૮ જુલાઈ સુધીમાં આખા દેશને આવરી લે છે, પરંતુ આ વખતે હજુ સુધી પશ્ચિમી રાજસ્થાનના મોટા ભાગો અને પંજાબ-હરિયાણાના કેટલાક વિસ્તારો સુધી પહોંચ્યું નથી.

દાદરા-નગર હવેલી અને દમણ-દીવ, આંદામાન-નિકોબાર, લદ્દાખ અને તમિલનાડુમાં સામાન્ય કરતાં ઘણો વધુ વરસાદ થયો. આ ઉપરાંત સિક્કિમ, ઓડિશા, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ સામાન્ય કરતાં વધુ વરસાદ થયો.

ભારતના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે; આ ક્ષેત્રના રાજ્યોમાં મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, આસામ, કેરળ, ગોવા, દિલ્હી, ચંદીગઢ અને ઉત્તરાખંડમાં પણ સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો છે. રાષ્ટ્રીય સરેરાશને ધ્યાનમાં લેતા, ૧ જૂનથી ૮ જુલાઈ દરમિયાન નોંધાયેલો વરસાદ સામાન્ય કરતાં ૧૫% ઓછો હતો. હાલમાં, પશ્ચિમ કિનારો એવો વિસ્તાર છે જ્યાં સૌથી વધુ વરસાદ પડી રહ્યો છે. કોંકણ-ગોવા, દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, ગુજરાત અને મધ્ય મહારાષ્ટ્રમાં સતત ભારેથી અતિ ભારે વરસાદ નોંધાઈ રહ્યો છે. અરબી સમુદ્રમાંથી આવતા ભેજવાળા પવનો અને પશ્ચિમ ઘાટ સાથે અથડાતા ચોમાસુ પવનોને કારણે આવું થઈ રહ્યું છે.



## ઉત્તરાખંડમાં ભારે વરસાદથી 75 રસ્તાઓ બંધ 5 જિલ્લામાં શાળાઓ બંધ



## દિલ્હીમાં વરસાદથી પાણી ભરાતા ઠેર-ઠેર ટ્રાફિકજામ



## આગ્રા પાણીમાં



## લોનાવાલા-કર્જત ખાતે ભૂસ્ખલન બાદ 8 ટ્રેનો રદ્દ





## ક્રિએટર્સ માટે ખુશખબર : હવે કમાણી બનશે સરળ

# You Tube Live પર વરસશે પૈસા લોન્ચ થયું ધમાકેદાર નવું ફીચર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

YouTube એક એવું પ્લેટફોર્મ બની ગયું છે જ્યાં ક્રિએટર્સ દર મહિને ઘણી કમાણી કરી રહ્યા છે. ટૂંકા વિડિયોથી લઈને લાંબા વિડિયો સુધી, આ પ્લેટફોર્મનો ઉપયોગ દેશભરમાં મોટા પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. YouTubeએ ભારતમાં એક નવી સુવિધા શરૂ કરી છે. જે ક્રિએટર્સને YouTube Liveથી વધુ કમાણી કરવાની મંજૂરી આપશે. YouTube એ Gifts નામનું એક નવું ફીચર શરૂ કર્યું છે. ખાસ કરીને વર્ટિકલ લાઈવ સ્ટ્રીમ્સ માટે.

જો કોઈ ક્રિએટર્સ આ સુવિધાનો ઉપયોગ કરવા માંગે છે, તો તેણે YouTube સ્ટુડિયોમાં જઈને Earn વિભાગ ખોલવો પડશે. આ પછી, વર્ચ્યુઅલ આઈટમ્સ મોડ્યુલ સ્વીકાર્યા પછી ગિફ્ટ્સ સુવિધા સક્રિય થશે. એકવાર સુવિધા સક્ષમ થઈ ગયા પછી, ગિફ્ટ્સ આપમેળે બધા પાત્ર વર્ટિકલ લાઈવ સ્ટ્રીમ્સ પર ઉપલબ્ધ થશે. જો કે, સુપર સ્ટીકર્સ વિકલ્પ લાઈવ સ્ટ્રીમ્સ પર ઉપલબ્ધ રહેશે નહીં જ્યાં ગિફ્ટ્સ સક્રિય થાય છે.




YouTubeએ Gifts સાથે જ્વેલ્સ (Jewels) નામની નવી ડિજિટલ કરન્સી પણ રજૂ કરી છે. દર્શકો પહેલા Jewels ખરીદશે. પછી તેનો ઉપયોગ કરીને લાઈવ સ્ટ્રીમ દરમિયાન પોતાના મનપસંદ ક્રિએટર્સને Gifts મોકલી શકશે. જ્યારે કોઈ દર્શક Gift મોકલે છે ત્યારે ક્રિએટરને Rubies મળે છે. બાદમાં આ Rubiesના આધારે ક્રિએટરને કમાણી થાય છે. એટલે કે દર્શકોનો સપોર્ટ હવે ક્રિએટર્સ માટે કમાણીનું નવું સાધન બની જશે.

YouTubeનું નવું Gifts ફીચર દર્શકો અને ક્રિએટર્સ બંને માટે લાભદાયી બની શકે છે. એક તરફ દર્શકોને લાઈવ સ્ટ્રીમ દરમિયાન પોતાનો સપોર્ટ અને પ્રતિભાવ વ્યક્ત કરવાની નવી રીત મળશે. જ્યારે બીજી તરફ ક્રિએટર્સને વધારાની કમાણી કરવાની નવી તક મળશે.

### YouTube Gifts ફીચર શું છે?

સૂત્રો અનુસાર, આ નવા ફીચરની મદદથી દર્શકો લાઈવ સ્ટ્રીમ દરમિયાન એનિમેટેડ વર્ચ્યુઅલ ગિફ્ટ્સ મોકલીને પોતાના મનપસંદ ક્રિએટરને સપોર્ટ કરી શકશે. આ ગિફ્ટ્સના કારણે ક્રિએટર્સને વધારાની કમાણી કરવાની તક મળવાની શક્યતા રહેશે. આ ફીચરને વધુ રસપ્રદ બનાવવા માટે YouTubeએ તેમાં અનેક ભારતીય દેશી થીમ આધારિત ગિફ્ટ્સ પણ ઉમેર્યા છે. કંપનીએ ભવિષ્યમાં તહેવારો અને ખાસ પ્રસંગો માટે નવા સીઝનલ ગિફ્ટ્સ લાવવાની પણ જાહેરાત કરી છે.

### ગુડગાવમાં કાર્યરતઃ બાદમાં અન્ય શહેરોમાં પ્રોજેક્ટ લઈ જવાશે

# હવે Blinkitની 'એમ્બ્યુલન્સ' 10 મિનિટમાં જીવ બચાવશે

## 24 કલાક ફ્રી સર્વિસ : ટ્રાફિક પોલીસ સાથે ડીલ



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

Blinkit દ્વારા ગુડગાંવ ટ્રાફિક પોલીસ સાથે હાથ મિલાવવામાં આવ્યા છે. કંપનીએ ગયા વર્ષે શરૂ કરેલી પોતાની ફ્રી એમ્બ્યુલન્સ સર્વિસનો વ્યાપ વધારીને હવે તેને શહેરના મુખ્ય અકસ્માત સંભવિત વિસ્તારો સુધી પહોંચાડી દીધી છે.આ મિશનને સફળ બનાવવા માટે ગુડગાંવના ટ્રાફિક ટાવરમાં પોલીસકર્મીઓ માટે એક ખાસ ટ્રેનિંગ સેશન યોજાયું હતું.આ સેશનની અધ્યક્ષતા ટ્રાફિક DCP રાજેશ મોહને કરી હતી, જેમાં પોલીસકર્મીઓને Blinkit એપ દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સ કેવી રીતે બોલાવવી તેની ટ્રેનિંગ અપાઈ હતી.DCP રાજેશ મોહને ટ્રેનિંગ દરમિયાન ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, રોડ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોમાં આશરે ૫૦ ટકા હિસ્સો ટુ-વ્હીલર ચાલકો અને પગપાળા ચાલતા લોકોનો હોય છે. આ આંકડાને ઘટાડવા માટે અકસ્માતના તુરંત બાદ મેડિકલ સહાય મળવી ખૂબ જ જરૂરી છે. Blinkit દ્વારા આ પહેલ અંતર્ગત ૧૭ એમ્બ્યુલન્સનો ખાસ કાફલો મેદાને ઉતારાયો છે. અકસ્માત થતાં જ આશરે ૧૫ મિનિટની અંદર ટીમ ઘટનાસ્થળે પહોંચી શકે તે માટે આ ગાડીઓને ગુડગાંવના ચિહ્નિત કરાયેલા ૧૬ 'બ્લેક સ્પોટ' પર તૈનાત રાખવામાં આવી છે.

### મોદીની ઓસ્ટ્રેલિયા મુલાકાતથી ગુજરાતને ફાયદો

# ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ ગુજરાતમાં પોતાના કેમ્પસ શરૂ કરશે

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યુરોનિયમ ડીલ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝના જણાવ્યા અનુસાર, ઓસ્ટ્રેલિયાનું એક હાઈ-લેવલ વ્યાપારી પ્રતિનિધિમંડળ આગામી ડિસેમ્બરમાં ભારતની મુલાકાતે આવશે અને ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ ગુજરાતમાં પોતાના કેમ્પસ શરૂ કરશે. પીએમ મોદીએ બંને દેશોના અગ્રણી ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યું કે, વૈશ્વિક અસ્થિરતા અને સપ્લાય ચેનની સમસ્યાઓ વચ્ચે ભારત અને ઓસ્ટ્રેલિયાનું એક ભરોસાપાત્ર ભાગીદાર તરીકે આગળ વધવું સ્વાભાવિક અને જરૂરી છે. શિક્ષણ ક્ષેત્રે મોટી ભાગીદારી અંતર્ગત ઓસ્ટ્રેલિયાની વોલોન્ગોંગ યુનિવર્સિટી અને ડીકિન યુનિવર્સિટી ગુજરાતમાં પોતાના કેમ્પસ ખોલશે. પીએમ મોદીએ આ બાબતને ભારત-ઓસ્ટ્રેલિયાના સંબંધોનો નવો અધ્યાય ગણાવતા કહ્યું કે હવે આપણો લક્ષ્યાંક સ્ટુડન્ટ મોબિલિટીને 'ટેલેન્ટ પાર્ટનરશીપ' માં બદલવાનો હોવો જોઈએ. આ પૂર્વે મેલબોર્ન એરપોર્ટ પર પીએમ મોદીનું ભારતીય સમુદાય દ્વારા પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યાં પ્રખ્યાત તબલા વાદક ડો. સેમ ઈવાન્સ અને ડિડગેરીડુ વાદકે ખાસ પ્રસ્તુતિ આપી હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાના સિમ્ફની ઓર્કેસ્ટ્રાએ રાષ્ટ્રગીત 'વંદે માતરમ' ની ધૂન વગાડી હતી.

### ઈરાનનો દાવોઃ મિસાઈલ સિસ્ટમ અને રડાર સિસ્ટમને ઉડાવ્યા

# કતાર, કુવૈત, બહેરીનમાં અમેરિકી બેઝ પર ડ્રોન એટેક



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઈરાને જણાવ્યું છે કે તેણે કતાર, કુવૈત અને બહેરીનમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર ડ્રોન હુમલા કર્યા છે. ઈરાની સેના અનુસાર, હુમલાઓમાં કુવૈતના પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ, કતારના અર્લી વોર્નિંગ સેટેલાઇટ એન્ટેના અને બહેરીનમાં અમેરિકી સેનાના ફ્યુઅલ ટેન્કને નિશાન બનાવવામાં આવ્યા. આ હુમલાઓ માટે મોટી સંખ્યામાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો.આ પહેલાં અમેરિકાએ ઈરાન પર સતત બીજા દિવસે મોટા પાયે એરસ્ટ્રાઈક કરી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ લગભગ ૯૦ સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો. આ હુમલાઓથી ઈરાનના અહવાઝમાં ૩ લોકોના મોત થયા છે. ઈરાની સેનાએ કહ્યું કે તે અમેરિકી હુમલાઓનો જવાબ આપતી રહેશે. બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાન સમજૂતી ઈચ્છે છે, પરંતુ તેમને આ વાત પર ભરોસો નથી કે તેહરાન સમજૂતીનું પાલન કરશે.

### ટ્રોલ થતા યુઝર્સ પર ભડકી

# ભાગ્યશ્રીએ લસ્સી પ્રમોટ કરી પણ પીધી નહી



## ભાગ્યશ્રીએ કહ્યું : મે લસ્સીનો ટેસ્ટ માણ્યો છે લોકોએ અડધો વીડિયો મૂક્યો છે

ભાગ્યશ્રીએ બનારસમાં એક લસ્સીની દુકાનમાંથી લસ્સી લીધી, તેને પ્રમોટ કરી અને થોડીવાર પછી જ તેણે એમ કહીને આખી લસ્સી છોડી દીધી કે તેમાં ખાંડ અને ફેટ ખૂબ વધારે છે. વીડિયો વાયરલ થયા પછી ભાગ્યશ્રીના આ બેવડા વલણ પર પ્રશ્ન ઉઠાવતા લોકોએ તેની જોરદાર ટીકા કરી. મજાક ઉડતા ભાગ્યશ્રીએ એક વીડિયો જાહેર કરીને ટ્રોલર્સને ફટકાર લગાવી છે. ભાગ્યશ્રીએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે લસ્સી ટેસ્ટ કરતી જોવા મળી. આ સાથે તેણે સ્પષ્ટતામાં લખ્યું છે, હું સવારે ૩ વાગ્યાથી જ જાગી રહી હતી. મંગળા આરતીમાં સામેલ થયા પછી ભયંકર ગરમીમાં ગંગા ઘાટ પર ચાલી. આવા સંજોગોમાં આ લસ્સી મારા માટે કોઈ એનર્જી બૂસ્ટરથી ઓછી નહોતી. ઉપર નાખેલા ડ્રાય ફ્રુટ્સે તેના સ્વાદમાં કરકરાપણું ઉમેર્યું, જેનો મેં ખૂબ આનંદ લીધો. આગળ તેણે લખ્યું, 'શ્રેષ્ઠ સ્વાદની સાથે-સાથે તેમાં તેને બનાવનારાઓનો આત્મીયતા અને પ્રેમ પણ ભળેલા હતા. આખરે ભાગ્યશ્રીએ લખ્યું, શું તમારી માતાએ ક્યારેય ગરમીમાં તમને લસ્સી નથી પીવડાવી? ખોટું તો અડધો વીડિયો અને અધૂરી માહિતી સાથે તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરવું હોય છે.



### સૌરવ ગાંગૂલીની બાયોપિક

# 'દાદા' 14મે રિલીઝ થશે


ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીના જન્મદિવસે તેની બાયોપિક 'દાદાઃ ધ સૌરવ ગાંગુલી સ્ટોરી'નું પહેલું પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે. સાથે જ નિર્માતાઓએ જાહેરાત કરી છે કે જેની ઘણી રાહ જોવાય છે, તેવી આ ફિલ્મ ૧૪ મે, ૨૦૨૭ના રોજ વર્લ્ડવાઇડ થિએટર્સમાં રિલીઝ થશે. આ પોસ્ટરમાં રાજકુમાર રાવ સૌરવ ગાંગુલીની સૌથી યાદગાર અને ઐતિહાસિક પળોમાંની એકને જીવંત કરતો જોવા મળે છે.




પોસ્ટરમાં તે ૨૦૦૨ની નેટવેસ્ટ ટ્રોફીમાં ઈંગ્લેન્ડ સામે ભારતના ઐતિહાસિક વિજય બાદ લોર્ડ્સ મેદાનની બાલ્કનીમાંથી જર્સી લહેરાવતી ગાંગુલીની પ્રખ્યાત ક્ષણોને પુનર્જિવિત કરતો નજરે પડે છે. ક્રિકેટપ્રેમીઓ માટે આ ક્ષણ આજે પણ ભારતીય ક્રિકેટના ઈતિહાસની સૌથી યાદગાર તસવીરોમાંની એક માનવામાં આવે છે. ફિલ્મમાં સૌરવ ગાંગુલીની એક પ્રતિભાશાળી યુવા ક્રિકેટરથી લઈને ભારતીય ટીમના સફળ અને પ્રભાવશાળી કેપ્ટન બનવા સુધીની સફર રજૂ કરવામાં આવશે. તેના વ્યક્તિગત અને વ્યાવસાયિક જિવનના મહત્વના પ્રસંગો સાથે તેના નેતૃત્વ, સંઘર્ષ, આત્મવિશ્વાસ અને ભારતીય ક્રિકેટ પર પાડેલા અમીટ પ્રભાવને પણ ફિલ્મમાં દર્શાવવામાં આવશે. નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર પ્રથમ પોસ્ટર શેર કરતાં રાજકુમાર રાવના ગાંગુલીના પાત્રમાં થયેલા રૂપાંતરની ઝલક પણ દર્શાવી છે.

# કિયારાનું તબાહી ગીત વિવાદમાં લોકો બોલ્યા; ગીત કે કોન્ડોમની એડ







સાઉથના સુપરસ્ટાર યશ અને બોલિવૂડની ચુલબુલી અભિનેત્રી કિયારા અડવાણીની મોસ્ટ અવેટેડ ફિલ્મ ટોક્સિકનું ફર્સ્ટ સોન્ગ 'તબાહી' રિલીઝ થતાની સાથે જ ઈન્ટરનેટ પર ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ગીત રિલીઝ થતાની સાથે જ ચાહકોમાં એક તરફ ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ ગીતના વિઝ્યુઅલ્સ અને તેમાં ફિલ્માવવામાં આવેલા ઈન્ટિમેટ સીન્સ જોઈને લોકોએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, ખાસ કરીને રેડિટ પર યુઝર્સે ગીતની આકરી ટીકા કરી છે. ગીતના બોલ્ડ સીન્સ અને તેની સ્ટાઈલને લઈને એક યુઝરે તીખી પ્રતિક્રિયા આપતા લખ્યું છે કે- ફિલ્મનું નામ 'ટોક્સિક' રાખીને મેકર્સે બહુ મોટી આશા જગાવી હતી, પરંતુ આ ગીત જોઈને નિરાશા થઈ છે. આ કોઈ ફિલ્મનું ગીત નહીં પણ કોઈ કોન્ડોમની એડ હોય તેવું લાગે છે. ગીત ફિલ્મની વાર્તા કે તેની ગંભીરતા સાથે કોઈ મેળ ખાતું નથી.



## સરપ્રાઈઝ : ગુલાબ, ફૂગ્ગા સાથે શણગાર

# ટ્રેન બની 'સુહાગરાત કોચ'

## જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરાયા


**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ટ્રેનના એક 'સુહાગરાત કોચ'ની ઝલક બતાવવામાં આવી છે. ખરેખર, ટ્રેનના ફર્સ્ટ એસી કોચમાં એક કેબિનને કોઈએ સુહાગરાતની સેજની જેમ ડેકોરેટ કરી રાખ્યું છે. આ રીતે હનીમૂન સૂટની જેમ ડેકોરેટેડ ફર્સ્ટ એસી કેબિનનો વીડિયો વાયરલ થતાં જ આના પર સવાલો પણ ઉઠવા લાગ્યા. ઘણા લોકોએ એ સવાલ ઉઠાવ્યો કે શું કોઈ ટ્રેનના કોચને આ રીતે સજાવી શકાય છે? આના પર રેલવેનો જવાબ પણ આવ્યો છે. ચાલો જાણીએ શું છે આ મામલો અને રેલવેએ આના પર શું કહ્યું.

ઈન્ટરનેટ પર ટ્રેનના ફર્સ્ટ એસી કેબિનને હરતા-ફરતા હનીમૂન રૂમની જેમ સજાવવા વાળા વીડિયોએ ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ વીડિયોને લોકો ખૂબ શેર કરી રહ્યા છે. તો વળી આ વાયરલ વીડિયો પર લોકોએ સવાલો ઉઠાવ્યા છે કે શું ટ્રેનની અંદર આ પ્રકારની સજાવટ યોગ્ય છે. તો વળી ઘણા લોકોએ આની પ્રશંસા પણ કરી છે. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે એક ટ્રેનના કોચમાં એક કેબિનની અંદર જતાં જ ત્યાંનો નજારો કોઈ હનીમૂન રૂમ જેવો દેખાય છે. આખી કેબિનને રંગબેરંગી ફુગ્ગા, લેસ અને ગુલાબના ફૂલોથી સજાવવામાં આવી છે. કેબિનની અંદરની દીવાલ પર પુષ્કળ ગુલાબના ફૂલ ચોંટાડવામાં આવ્યા છે. નીચે ફ્લોરને ગુલાબ અને અન્ય ફૂલોની પાંદડીઓથી ઢાંકી દેવામાં આવ્યું છે. કેબિનની સીલિંગ પર પુષ્કળ ફુગ્ગા ચોંટાડવામાં આવ્યા છે. બર્થ પર પણ ગુલાબની પાંદડીઓથી હાર્ટ શેપ બનાવવામાં આવ્યો છે. દીવાલો પર ફૂલોની વચ્ચે-વચ્ચે નાની-નાની લાઈટ્સ લાગેલી છે. કેબિનની અંદર રાખેલા ડસ્ટબિનને ગુલદસ્તાનું રૂપ આપી દેવામાં આવ્યું છે. આની સાથે જ કેબિનની દીવાલ પર 'આઈ લવ યુ' પણ લખેલું છે. આખી કેબિન ખૂબ જ મનમોહક રીતે સજાવેલી દેખાઈ રહી હતી.

**પેસેન્જરે પાર્ટનરને આપ્યું સરપ્રાઇઝ**

આ આખું ડેકોરેશન એક પેસેન્જરે પોતાના પાર્ટનરને સરપ્રાઈઝ આપવા માટે કર્યું હતું. આ ડેકોરેશનની સોશિયલ મીડિયા પર જોરદાર પ્રશંસા થઈ રહી છે. તો વળી કેટલાક લોકોએ ભારતીય રેલ અને રેલ મંત્રીને ટેગ કરીને સવાલ પણ કર્યો છે અને સ્પષ્ટતા માંગી છે કે શું કોઈ ટ્રેનના ડબ્બામાં કોઈ મુસાફર આવી સજાવટ કરી શકે છે. શું આ રેલવેની સુરક્ષાને લઈને સવાલો ઉભા નથી કરતું.






## દિલ્હીમાં એક દિવસનું રેટકાર્ડ વાયરલ

# ભારે કરી! હવે ભાડે મળશે 'ગર્લફ્રેન્ડ'

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સોશિયલ મીડિયા પર હાલમાં એક અનોખો અને વિવાદાસ્પદ ટ્રેન્ડ વાયરલ થઈ રહ્યો છે. રાજધાની દિલ્હીમાં હવે ગર્લફ્રેન્ડ ભાડે પણ મળી રહી છે. એક યુવતી દિવ્યાએ પોતાની સેવાઓ "Rent Me for a Day" નામથી ઓફર કરી છે અને તેનું રેટ કાર્ડ પણ વાયરલ થઈ રહ્યું છે. લોકો આ ટ્રેન્ડને જોઈ ચોંકી રહ્યા છે. કોમેન્ટમાં લોકો પૂછી રહ્યા છે કે આટલું મોંઘું ભાડું EMI પર પણ ચાલશે? એક્સ પર નલિની ઉનાગર નામની યુઝરે દિવ્યાના આ રેટ કાર્ડનો શેર કર્યો છે, જે બાદ પોસ્ટ વાયરલ થઈ ગઈ. ત્યાર બાદ બીજા એક યુઝર મિક્કૂએ દાવો કર્યો કે દિલ્હીની કેટલીય છોકરીઓ રેન્ટલ ગર્લફ્રેન્ડ પ્લેટફોર્મ પર કામ કરી સારી એવી કમાણી કરી રહી છે. તેમણે જણાવ્યું કે, એક કલાક માટે ૧૦૦૦ સુધી મળી શકે છે. તેની સાથે જ ફ્રી ખાવાનું, શોપિંગ અને ક્યારેક ક્યારેક એક્સટ્રા ગિફ્ટ્સ પણ મળે છે. અમુક છોકરીઓ એક દિવસમાં ૩-૪ બુકિંગ કરી ૬૦૦૦થી ૭૦૦૦ રૂપિયા સુધી કમાઈ રહી છે. એક વીડિયોમાં યુવતીએ જણાવ્યું કે, તે KoPartner.in પ્લેટફોર્મ પર રજિસ્ટર્ડ છે. જે ભારતની સૌથી મોટી રેન્ટલ કંપની પ્લેટફોર્મ હોવાનો દાવો કરે છે. અહીં છોકરા શોપિંગ, મૂવી, હરવા-ફરવા અને ટ્રાવેલિંગ માટે કમ્પેનિયન બુક કરે છે. આ પોસ્ટ વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા છંછેડાઈ છે. અમુક લોકો તેને આધુનિક અને સ્વતંત્રતાનું પ્રતીક ગણાવી રહ્યા છે. તો અમુક તેને નૈતિકતા વિરુદ્ધ માની રહ્યા છે.



### કેટલું છે ભાડું

દિવ્યાએ પોતાના રેટ કાર્ડમાં વિવિધ પેકેજ આપ્યા છે

| | |
|---|---|
| ચિલ કોફી ડેટ | 1500 રૂપિયા |
| ડિનર અને મૂવી ડેટ | 2000 રૂપિયા |
| ફેમિલી મીટિંગ | 3000 રૂપિયા |
| ઈવેન્ટ કમ્પેનિયન | 3500 રૂપિયા |
| બાઇક ડેટ | 4000 રૂપિયા |
| શોપિંગ સ્પ્રી | 4500 રૂપિયા |
| એડવેન્ચર ડે | 5000 રૂપિયા |
| વીકેન્ડ ટુ-ડે ગેટઅવે | 10,000 રૂપિયા |
| સો. મીડિયા પોસ્ટ | 6000 રૂપિયા |

આ ઉપરાંત કસ્ટમાઇઝ્ડ પ્લાન પણ મળશે

### હોસ્પિટલ કે મજાક : અધિકારીઓનું ફોટો સેશન, સુવિધાના નામે મીંડુ

# વિરપૂર સિવિલ હોસ્પિટલમાં સફાઈ કામદારો દર્દીઓના કેસ કાઢે છે

## જિલ્લા પંચાયત ઉપાધ્યક્ષ અને આરોગ્ય અધિકારીઓની સરપ્રાઈઝ વિઝિટ માત્ર દેખાડો સાબિત થઈ, જાગૃત નાગરિકોનો આક્રોશ



### » ડોક્ટરોના સરકારી ક્વાર્ટર્સમાં આઉટસોર્સના ભાડુઆતોનો કબ્જો, તબીબો પોતાના વતનથી કરે છે અપડાઉન !

### સગર્ભાઓને 15 કિમી દૂર મેવાસાના ધક્કા

ભૂતકાળ પર નજર કરીએ તો એક સમયે આ હોસ્પિટલમાં આસપાસના ૨૦ થી ૩૦ ગામોની મહિલાઓની સફળ પ્રસૂતિ (ડિલિવરી) થતી હતી. પરંતુ આજે તંત્રની બેદરકારીને કારણે સ્થિતિ એટલી હદે કથળી ગઈ છે કે સગર્ભા મહિલાઓને પ્રસુતિની પીડા ઉપડે ત્યારે સારવાર આપવાના બદલે સીધી જૂનાગઢ કે રાજકોટ રીફર કરી દેવાય છે. આ લાંબી મુસાફરીમાં માતા અને બાળકના જીવ પર મોટું જોખમ તોળાયેલું રહે છે. આટલી હાલાકી ઓછી હોય તેમ, સગર્ભાઓને સરકારની યોજના માટે અત્યંત જરૂરી એવું 'મમતા કાર્ડ' કઢાવવા માટે વીરપુરથી ૧૫ કિલોમીટર દૂર મેવાસા ગામે ધક્કા ખાવા મજબૂર કરાય છે, જે તંત્રની સંવેદનહીનતાની પરાકાષ્ઠા છે. આ ઉપરાંત, ગરીબો માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ ગણાતું 'આયુષ્માન કાર્ડ' કઢાવવામાં પણ સર્વર ડાઉન કે સ્ટાફના અભાવના બહાના હેઠળ મહિનાઓ સુધી લોકોને કચેરીઓમાં રઝળાવવામાં આવે છે.

સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા-વીરપુર

સંત શિરોમણી જલારામ બાપાની પાવન ભૂમિ અને જગવિખ્યાત યાત્રાધામ વીરપુર, જ્યાં અન્નક્ષેત્રો અને સેવાના અવિરત પ્રવાહો વહે છે, ત્યાં જ આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં (સામુહિક આરોગ્ય કેન્દ્ર) ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માત્ર 'ભગવાન ભરોસે' જ જીવી રહ્યા છે. તાજેતરમાં રાજકોટ જિલ્લા પંચાયતના ઉપાધ્યક્ષ સામંત બાંભવા તેમજ જિલ્લા આરોગ્ય અધિકારીઓ (QMO ડૉ. પી. કે. સિંહ અને THO) ની ટીમ દ્વારા હોસ્પિટલની 'આકસ્મિક મુલાકાત' લેવામાં આવી હતી. તંત્ર દ્વારા ભલે દર્દીઓની સેવા, ઈમરજન્સી વિભાગ અને દવાની સમીક્ષા કર્યાના મોટા-મોટા અને પોકળ દાવાઓ કરવામાં આવતા હોય, પરંતુ જાગૃત નાગરિકોના ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ એસી ગાડીઓના કાફલા સાથે આવેલી આ ટીમની મુલાકાત માત્ર અખબારોમાં ચમકવા પૂરતું એક 'ફોટો સેશન' જ સાબિત થઈ છે. મુલાકાત સમયે જ કેટલાક સ્થાનિક ડોક્ટરો અને જવાબદાર કર્મચારીઓ ગેરહાજર જણાતા તંત્રની લાલિયાવાડી અને વહીવટી નિષ્ફળતાનો ભાંડો ફૂટી ગયો છે.

હોસ્પિટલની અંદરની વાસ્તવિકતા બહારથી દેખાતા કલરકામ કરતા અત્યંત આઘાતજનક છે. દર્દીઓ સવારથી બીમારીની પીડા સાથે લાઈનમાં ઉભા હોય છે, પરંતુ તેમના માટે સમયસર કેસબારી ખુલતી જ નથી. કેટલીકવાર તો હોસ્પિટલના સફાઈ કામદારો દર્દીઓના કેસ કાઢતા હોવાના ગંભીર અને શરમજનક આક્ષેપો ઉઠ્યા છે, જે લોકોના આરોગ્ય સાથે સીધા ચેડાં સમાન છે. નિયમ મુજબ હોસ્પિટલના સ્ટાફે રાત્રિ રોકાણ અને ઈમરજન્સી સેવા માટે ફરજના સ્થળે હાજર રહેવાનું હોય છે, પરંતુ અહીંના ડોક્ટરો પોતાના વતનથી રોજેરોજ અપડાઉન કરે છે, જેથી તેઓ મોડા આવે છે અને વહેલા જતા રહે છે. આશ્ચર્યની વાત એ છે કે, ડોક્ટરો માટે લાખોના ખર્ચે ફાળવાયેલા સરકારી ક્વાર્ટર્સમાં અન્ય આઉટસોર્સ કર્મચારીઓને ગેરકાયદેસર ભાડુઆત તરીકે ઘુસાડી દેવામાં આવ્યા છે. હોસ્પિટલમાં લાંબા સમયથી કોઈ કાયમી સર્જન નથી, મોટાભાગના નિષ્ણાતો માત્ર ડેપ્યુટેશન પર જ ગાડું ગબડાવે છે. રાત્રે કોઈ ડોક્ટર હાજર ન રહેતા, અકસ્માત કે ગંભીર બીમારીના સમયે દર્દીઓએ મજબૂરીમાં હજારો રૂપિયાનો ખર્ચ કરીને ખાનગી હોસ્પિટલોમાં લૂંટાવું પડે છે. દાંતના ડોક્ટર (ડેન્ટિસ્ટ) પણ પોતાની મરજી મુજબના સમયે આવી દર્દીઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન અને મનમાની કરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.

આ તમામ વરવી હકીકતો સ્પષ્ટપણે દર્શાવે છે કે એસી ગાડીઓમાં આવીને માત્ર નિરીક્ષણનો ડોળ કરતા ઉચ્ચ અધિકારીઓને સામાન્ય જનતાની પીડા, તેમના આંસુ કે હાલાકી સાથે કોઈ જ લેવાદેવા નથી. લોકો હવે રોષભેર પૂછી રહ્યા છે કે નેતાઓના આ ફોટો સેશન અને દેખાડા પછી શું ખરેખર હોસ્પિટલની સુવિધા સુધરશે? કે પછી દર્દીઓની સ્થિતિ કાયમ માટે 'જૈસે થે' જ રહેશે? સામાન્ય માણસને આરોગ્યની પાયાની સુવિધાઓ આપવા માટે તંત્ર ક્યારે કુંભકર્ણની નિદ્રામાંથી જાગશે અને જવાબદારો સામે કડક પગલાં લેશે, તે જોવું રહ્યું.

### અમરેલીના લીલીયા ગામનો બનાવ

# સિંહ દર્શનની મજા લેવા ગયેલ યુવાનને સિંહે ફાડી ખાધો

**મેંટિંગ પીરિયડમાં સિંહ વધુ આક્રમક બનતા હોવાની શક્યતાઃ સવા મહિનામાં સિંહ હુમલાની ૭મી ઘટના**



**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલી જિલ્લામાં ફરી એકવાર સિંહના હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. લીલીયા તાલુકાના અંટાળીયા ગામ નજીક આવેલા જંગલના વીડી વિસ્તારમાં સિંહ દર્શન કરવા ગયેલા યુવાનોના જૂથ પર સિંહે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં સોહિલ રફીકભાઈ નામના યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આશરે ૮થી ૧૦ જેટલા યુવાનો જંગલ વિસ્તારમાં સિંહ દર્શન કરવા માટે ગયા હતા. તે દરમિયાન સિંહ અને સિંહણના મેંટિંગ પીરિયડમાં તેમની હાજરીથી ખલેલ પહોંચતા સિંહ અચાનક આક્રમક બન્યો અને યુવકો પર હુમલો કર્યો. હુમલો એટલો અચાનક હતો કે યુવકોને બચાવનો મોકો પણ મળ્યો નહીં. અન્ય યુવાનો જીવ બચાવવા માટે સ્થળ પરથી ભાગી છૂટ્યા, જ્યારે સોહિલ રફીકભાઈ સિંહના હુમલાનો ભોગ બન્યા. વન્યજીવ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, સિંહોના મેંટિંગ પીરિયડ દરમિયાન તેઓ પોતાના વિસ્તાર અને સાથીની સુરક્ષાને લઈને અત્યંત સતર્ક અને આક્રમક બની જાય છે. આવા સમયે જંગલમાં અનધિકૃત રીતે પ્રવેશ કરવો અથવા સિંહોની નજીક જવાનો પ્રયાસ કરવો જીવલેણ સાબિત થઈ શકે છે. પ્રાથમિક તપાસમાં પણ એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે દર્શન માટે ગયેલા યુવાનો અજાણતા સિંહ બેલડીની ખૂબ નજીક પહોંચી ગયા હતા, જેના કારણે સિંહે હુમલો કર્યો. જોકે ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે વન વિભાગ દ્વારા સ્થળનું નિરીક્ષણ કરી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.ઘટનાની જાણ થતાં જ વન વિભાગના અધિકારીઓ અને સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી, જ્યારે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા સ્થાનિક લોકો અને પ્રવાસીઓને જંગલ વિસ્તારમાં બિનઅનુમતિ પ્રવેશ ન કરવા તેમજ સિંહ દર્શન માટે જોખમી વિસ્તારોમાં ન જવા અપીલ કરવામાં આવી છે. વિભાગે સ્પષ્ટ જણાવ્યું છે કે જંગલી પ્રાણીઓના કુદરતી રહેણાંક વિસ્તારમાં તેમની સુરક્ષા અને માનવીય સલામતી બંને માટે નિયમોનું પાલન કરવું અત્યંત જરૂરી છે. અમરેલી જિલ્લામાં છેલ્લા સવા મહિનામાં સિંહના હુમલાની આ સાતમી ઘટના નોંધાઈ છે. આ સમયગાળા દરમિયાન બગસરા તાલુકાના ઘંટીયાળ, સાવરકુંડલાના જૂનાસાવર, રાજુલાના કોવાયા, ખાંભાના ચતુરી અને હવે લીલીયાના વીડી વિસ્તારમાં સિંહ હુમલાની ગંભીર ઘટનાઓ બની છે.

### મહુવાના બાંભણિયામાં

# 10 વર્ષના બાળકને દિપડો ઉપાડી ગયો



## સ્કૂલથી છૂટીને પિતા પાસે જતા વિદ્યાર્થી પર કાળ બનીને ત્રાટક્યો

**સિટી ન્યૂઝ@ભાવનગર**

ભાવનગર જિલ્લાના મહુવા ગ્રામ્ય વિસ્તારમાં વન્ય પ્રાણીઓનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. મહુવા પંથકના બાંભણિયા ગામે ગઈકાલે સાંજે ૬ વાગ્યાની આસપાસ એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે. સ્કૂલથી છૂટીને પિતા પાસે સાઈલ પર જઈ રહેલા વિદ્યાર્થીને દીપડાએ હુમલો કર્યો હતો અને ફાડી ખાધો હતો. દીપડાના હુમલાની બે મહિનામાં આ બીજી ઘટના છે.શાળાએથી છૂટ્યા બાદ ૧૦ વર્ષનો નિત્યકુમાર પ્રકાશભાઈ ગોંડલીયા બાંભણિયાથી મોભિયાણા જવાના રસ્તા પર પોતાની સાઇકલ લઈને પિતા પાસે જઈ રહ્યો હતો. આ દરમિયાન ઝાડીઓમાંથી અચાનક ત્રાટકેલા નરભક્ષી દીપડાએ માસૂમ બાળક પર લોહિયાળ હુમલો કર્યો હતો. દીપડાના આ જીવલેણ હુમલામાં બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. માસૂમ નિત્યકુમારના આકસ્મિક મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ પંથકમાં છેલ્લા ૨ મહિનામાં દીપડાના હુમલામાં ત્રીજી જિંદગી હોમાઈ જતાં મહુવા પંથક જાણે સ્થાનિક નાગરિકો માટે 'ડેથ ઝોન' બની ચૂક્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.ઘટનાને પગલે સમગ્ર પંથકના ગ્રામજનોમાં વન વિભાગની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું વન વિભાગ માત્ર લાશોના પંચનામા કરવા માટે જ કાર્યરત છે?સતત વધી રહેલા વન્ય પ્રાણીઓના હુમલાઓને કારણે મહુવાના ગ્રામ્ય વિસ્તારોમાં ભય અને દહેશતનો એવો માહોલ છે કે ખેડૂતો અને ખેતમજૂરો હવે દિવસના ભાગે પણ ખેતરે જતાં ફફડી રહ્યા છે. જાણે આખો પંથક વન્ય પ્રાણીઓના બાનમાં હોય તેવી ગંભીર પરિસ્થિતિ નિર્માણ પામી છે. વન વિભાગ દ્વારા તાકીદે આ નરભક્ષી દીપડાને પાંજરે પૂરવામાં આવે અને વન્ય પ્રાણીઓના ત્રાસમાંથી કાયમી મુક્તિ અપાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

## તાલાલામાં ધોરણ-12નાં વિદ્યાર્થી પર દીપડાનો હુમલો



તાલાલામાં ફોટોન સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ ૧૨ના વિદ્યાર્થી પર દીપડાએ હુમલો કર્યો છે. મોડી રાત્રે ૧૨ વાગ્યે સ્કૂલના ગેટ નજીક બાળક શૌચ ક્રિયા કરવા જતા સમયે હુમલો કર્યો હતો. સારવાર માટે પ્રથમ વેરાવળ સિવિલ અને ત્યાર બાદ વિમસ  હોસ્પિટલ ખસેડાયો હતો. વિદ્યાર્થી મૂળ પ્રભાસ પાટણનો રહેવાસી અને ગંભીર રીતે ઘાયલ હતો.

## મુખ્યમંત્રીએ ખાડીના રિ-ડેવલપમેન્ટ માટે

# સૂરતને 500 કરોડ ફાળવ્યા

### ■ CMનું અલ્ટીમેટમ : ગેરકાયદે કબજો હટાવો નહીં તો કડક કાર્યવાહી

### ■ પૂર માટે જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પણ બચશે નહીં

સિટી ન્યૂઝ@સુરત

સુરતમાં બુધવારે વરસાદે વિરામ લીધો હતો પણ બે દિવસમાં વરસેલા ૧૮ ઈંચ જેટલા વરસાદના કારણે ઠેરઠેર પાણીનો ભરાવો થતા ભારે તારાજી સર્જાઈ છે. ખાસ કરીને વેપાર-ધંધા અને વાહનમાલિકોને મોટો આર્થિક ફટકો પડ્યો છે. ત્રણ દિવસથી સુરતીઓ પાણી વચ્ચે જીવવા મજબૂર બન્યા છે. ખાડી પૂરના કારણે સર્જાયેલી ગંભીર સ્થિતિની સમીક્ષા કરવા માટે ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાબડતોડ સુરતની મુલાકાતે દોડી આવ્યા હતા.

સીએમની અધ્યક્ષતામાં યોજાયેલી આ મેરેથોન બેઠકમાં ખાડી પ્રોજેક્ટના રીડેવલપમેન્ટ, ઊંડાણ અને ગેરકાયદે દબાણો હટાવવા માટે સરકારે ૫૦૦ કરોડના વિશેષ પેકેજની જાહેરાત કરી છે.



આ ઉપરાંત ખાડીના ગેરકાયદે દબાણો તોડી પાડવાના પણ આદેશો કર્યા છે.

આ બેઠક દરમિયાન અસરગ્રસ્ત વિસ્તારોના ધારાસભ્યોએ તંત્રની પોલ ખોલતા જ મુખ્યમંત્રી અધિકારીઓ પર લાલઘૂમ થઈ ગયા હતા. ભવિષ્યમાં આવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે સીએમએ કડક શબ્દોમાં આદેશ આપ્યા છે કે, જો ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ કે લેપ્સ સામે આવશે તો જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક શિક્ષાત્મક અને જરૂર પડ્યે ફોજદારી પગલાં લેવામાં કોઈ સંકોચ રાખવામાં આવશે નહીં.

સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક એટલી કડક અને શિસ્તબદ્ધ હતી કે, મીટિંગ હોલમાં પ્રવેશતા પહેલા જ તમામ અધિકારીઓ, મનપા કમિશનર અને નેતાઓના મોબાઈલ ફોન બહાર જમા કરાવી દેવામાં આવ્યા હતા.

અંદાજે બે કલાક સુધી ચાલેલી આ મેરેથોન મિટિંગમાં ધારાસભ્યો અને સંસદ સભ્યોએ પૂર પ્રભાવિત વિસ્તારોની તદ્દન વાસ્તવિક અને ગંભીર પરિસ્થિતિ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી હતી. પ્રજાની હાલાકી સાંભળીને સીએમ ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓનો ઉધડો લીધો હતો અને ખાડી વિસ્તારમાં ભરાયેલા પાણીના નિકાલ માટે યુદ્ધના ધોરણે એક્શન પ્લાન બનાવવાની તાકીદ કરી હતી.

## 1 કરોડની સાડીઓ કાદવ-કિચડમાં કચરો બની

### ટેક્સટાઈલ માર્કેટને 200 કરોડનો ફટકો



સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અવિરત વરસાદ અને ત્યારબાદ ખાડીઓમાં પૂરના કારણે ટેક્સટાઈલ માર્કેટની સ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની ગઈ છે. સુરતના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતો કાપડ ઉદ્યોગ આ કુદરતી આફત સામે લાચાર નજરે પડી રહ્યો છે. કાપડ બજારના હૃદયસમા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે અબજો રૂપિયાનું કાપડ પૂરના પાણીમાં હોમાઈ ગયું છે.ખાસ કરીને રિંગ રોડ અને આસપાસના વિસ્તારોમાં આવેલી માર્કેટોમાં પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે વેપારીઓને સંભાળવાની તક પણ મળી શકી નથી. આ આફતના કારણે વેપારીઓ આર્થિક રીતે સંપૂર્ણપણે ભાંગી પડ્યા છે. સુરતના સૌથી વધુ અસરગ્રસ્ત એવા અંદાજે ૧૦૦ કાપડ માર્કેટોમાં ભયાવહ દ્રશ્યો સર્જાયા છે. આ માર્કેટોના બેઝમેન્ટમાં આવેલી સેંકડો દુકાનોમાં અચાનક જ વરસાદી પાણી અને ખાડી પૂરના ગંદા પાણી ધસી આવ્યા હતા.



## સૂરતમાં વરસાદથી 26 લોકોનાં મોત

### 13નાં ડૂબવાથી એકનું પડવાથી એકનું કરંટથી મોત

સુરત શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં અનરાધાર વરસાદે તબાહી મચાવી દીધી છે. મઘરાજાએ જાણે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા આજે સુરતના અલગ અલગ વિસ્તારોમાં કુલ ૧૫ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ આકાશી આફતમાં ૧૩ લોકોના પૂરના પાણીમાં ડૂબી જવાથી જ્યારે એકનું પડી જવાથી અને ૨૦ વર્ષીય યુવકનું કરંટ લાગવાથી કરૂણ મોત નીપજ્યું છે. કમાઉ દીકરાઓ અને માસૂમ બાળકોના અકાળે મોતથી શહેરમાં ગમગીની વ્યાપી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ દિવસમાં સુરતમાં કુલ ૨૬ લોકોના મોત નિપજ્યા છે. ડિંડોલીના મહાદેવ નગરમાં રહેતા ૫૮ વર્ષીય પ્રસાદ વીરચંદ કાપડે સગરામપુરા સ્થિતિ મહાવીર હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા.

## સૂરતમાં હૃદયદ્રાવક દ્રશ્ય

# વેપારીઓ 1000ની વસ્તુઓ 200માં વેંચવા કાઢી



મેઘરાજાએ વિરામ લીધો છે અને સુરતના ખાડી પૂરના પાણી પણ ઓસર્યા છે, પરંતુ પૂરના પાણી ઓસર્યા પછીની જે તસવીરો સામે આવી રહી છે તે હૃદયદ્રાવક છે. સીમાડા ખાતે આવેલા શ્યામધામ ચોક અને તેની આસપાસની સેંકડો દુકાનો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. હાલ કાપડ, કટલરી, નોવેલ્ટીથી લઈને અનાજના ગોડાઉનોમાં ગંદા પાણી ફરી વળતા વેપારીઓ રોડ પર આવી ગયા છે. વર્ષોની મહેનતથી ઉભું કરેલું સામ્રાજ્ય માત્ર થોડા કલાકોમાં જ બરબાદ થઈ જતાં વેપારીઓમાં ભારે આક્રોશ અને આક્રંદ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ તે પલળી ગયેલો માલ સામાન છે તે હવે મફતના ભાવે વેચવાનું શરૂ કર્યું છે. ૫૦૦ રૂપિયાની વસ્તુ ૫૦માં અને ૧૦૦ રૂપિયાની વસ્તુ ૧૦ રૂપિયામાં વેચવા કાઢતા મહિલાઓએ ખરીદી કરવા માટે પણ આ પડી કરી મૂકી છે.



### સુરત જેવી હાલતનો ખતરો : શહેરના 87 રસ્તા જળબંબાકાર થવાની આશંકા

# રાજકોટ તૈયાર છે ડૂબવા?

## ઈમરજન્સી નંબર જાહેર : માત્ર 8 થી 10 ઈંચ વરસાદમાં રાજકોટના તમામ અંડરબ્રિજમાં પાણી ભરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

સુરતમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ સર્જાયેલી જળબંબાકાર સ્થિતિ વચ્ચે હવે રાજકોટ માટે પણ ચેતવણીરૂપ સ્થિતિ સામે આવી છે. રાજકોટ મહાનગરપાલિકાએ શહેરના એવા ૮૭ માર્ગોની યાદી જાહેર કરી છે જ્યાં દર વર્ષે વરસાદી પાણી ભરાય છે. જો શહેરમાં એકસાથે ૪થી ૫ ઈંચ અથવા તેનાથી વધુ વરસાદ પડશે તો અનેક મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થવાની અને ૮થી ૧૦ ઈંચ વરસાદમાં શહેરના તમામ અંડરબ્રિજ પાણીથી ભરાઈ જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરીના દાવા છતાં ભારે વરસાદ દરમિયાન શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા યથાવત રહે છે. ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, ગોંડલ રોડ, મવડી સર્કલ, રેલનગર અંડરબ્રિજ, પોપટપરા નાળા સહિતના વિસ્તારોમાં વાહનવ્યવહાર પ્રભાવિત થવાની શક્યતા રહે છે. પાણી ભરાવાને કારણે વાહનો બંધ પડી જવા, ટ્રાફિક જામ અને અકસ્માતોના બનાવો પણ વધે છે.

મનપાના જણાવ્યા મુજબ સંવેદનશીલ વિસ્તારોમાં ભારે વરસાદની સ્થિતિ સર્જાય તો હેવી પંપિંગ મશીનરી અને ઈમરજન્સી ટીમો દ્વારા તાત્કાલિક પાણીનો નિકાલ કરવામાં આવશે. શહેરના ત્રણેય ઝોનમાં ખાસ મોનિટરિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

નાગરિકોની સુવિધા માટે મહાનગરપાલિકાએ ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમના ઈમરજન્સી સંપર્ક નંબર પણ જાહેર કર્યા છે. પાણી ભરાવું, વૃક્ષ ધરાશાયી થવું અથવા અન્ય વરસાદી આપત્તિ અંગે ફરિયાદ માટે ટોલ ફ્રી નંબર ૧૫૫૩૦૪, તેમજ ૦૨૮૧-૨૨૨૮૭૪૧ અને ૦૨૮૧-૨૨૨૫૭૦૭ પર સંપર્ક કરી શકાય છે.

ભારે વરસાદ દરમિયાન શહેરના મુખ્ય માર્ગો અને અંડરબ્રિજોમાં સ્થિતિ કેવી રહે છે અને તંત્રની તૈયારીઓ કેટલી અસરકારક સાબિત થાય છે તેના પર હવે સૌની નજર છે.

## ભારે વરસાદમાં આ રસ્તા પાણી-પાણી થવાની શક્યતા

| વિગત / વિસ્તાર |
|---|
| શાહનગર અને શકિતનગર |
| બીગ બજાર પાસે તથા કરણ પાર્ક |
| ૧૫૦ ફુટ રીંગ રોડ તથા અમિન માર્ગના કોર્નર પર |
| ૧૫૦ ફુટ રીંગ રોડ નાનામવા ચોક |
| વિદ્યાકુંજ મેઈન રોડ થી જલારામ હોસ્પીટલવાળા મેઈન રોડ થઇ પંચવટી મેઈન રોડ પર શ્રીનાથજી ટાવર પાસે |
| આઝાદ ચોક, રૈયા રોડ |
| અક્ષર માર્ગ, ચિત્રકુટ ૨/૩નાં ખૂણા પાસે |
| નાનામવા મેઈન રોડ / લક્ષ્મીનગર મેઈન રોડ કોર્નર પાસે |
| ગુરૂજીનગર હોકર્સ ઝોન પાસે |
| નટરાજનગર, રાજીવ ગાંધી આવાસ પાછળ |
| રૈયા સી.સી. રોડ પર આલાપ ગ્રીન સીટી થી રૈયા ગામ જતાં જમણી સાઈડે |
| રાવલનગર બગીચા પાસે |
| દોશી પ્લાઝા યુનિવર્સીટી રોડ |
| પુષ્કરધામ મેઈન રોડ પર કેવલમ રેસી. આવાસ યોજના |
| શ્રીનાથજી સોસાયટી |
| ગુંજન પાર્ક મેઈન રોડ |
| વૃંદાવન સોસાયટી શેરી નં.-૧, ૨, ૩ |
| ૧૫૦ ફૂટ રીંગ રોડ રૈયા ટેલી.એક્સ.સામે |
| ૧૫૦ ફૂટ રીંગ રોડ મોદી સ્કુલ પાસે |
| મિલેનીયમ હાઇટસની સામે (બી.આર.ટી.એસ. રૂટ) |
| સ્પીડવેલ ચોક થી જેટકો ચોકડી સુધીનો ૮૦ ફુટ રોડ |
| બાપા સીતારામ ચોક |
| ગોકુલધામ મેઈન રોડ |
| રાધે હોટલ મેઈન રોડ (ઉમિયા ચોક) |
| મવડી સર્કલ |
| વાવડી ગામતળ અને વિશ્વકર્મા સોસાયટી મેઈન રોડ |
| રેલનગર અન્ડરબ્રીજ |
| મીયાણાવાસ |
| માધાપર ચોકડી |
| ડો.યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમ પાસે |
| સદર ઈગલ પેટ્રોલપંપ પાસે |
| ગોંડલ રોડ, રાજકમલ પેટ્રોલ પમ્પ, રાજેશ્રી બજાજ, માનસતા ગાર્ડન અને પી.ડી.માલવીયા કોલેજ |
| પારડી રોડ |
| સોરઠીયાવાડી સર્કલ |
| આનંદનગર ખોડીયાર ચોક પાસે |
| નંદા હોલ પાસે કોઠારીયા મે.રોડ |
| ઘનશ્યામનગર સિંદુરીયા ખાણ |
| અવધપુરી સોસાયટી, આડો પેડક રોડ |
| સંતકબીર રોડ ભાવનગર રોડના ખૂણે |
| નારાયણનગર, ઢેબર રોડ આરોગ્ય કેન્દ્ર |
| આશાપુરાનગર શેરી નં.૨ ના છેડે |
| નંદા હોલ પાસે |
| બોલબાલા રોડ NHAI |
| રીધ્ધી સિધ્ધી નાલા, કોઠારીયા ચોકડી |
| પુનિતનગર ૮૦ ફુટ રોડ |
| સુખસાગર સોસાયટી / માધવ વાટીકા-૩ની ગોળાઇ |
| ૧૫૦ ફુટ રીંગ રોડ મવડી ફલાય ઓવર બ્રીજનાં છેડે આર.કે. પ્રાઇમ પાસે |
| એમ.જી.હોસ્ટેલ પાસે, કાલાવડ રોડ |
| ચંદ્ર પાર્ક |
| સેટેલાઈટ ચોક -૮૦ ફૂટ રોડ |
| ઈન્દ્રપ્રસ્થ સોસાયટી |
| ગણેશ પાર્ક |
| રામાણી પાર્ક |
| ભગવતીપરા મે. રોડ મહાકાલેશ્વર મંદિર |
| ૫૦ ફૂટ રોડ |
| તિરુપતિ મેઈન રોડ (સુરાપુરા વાળો રોડ) |
| આસ્થા વેન્ટીલા મે. રોડ |
| ગ્રીનલેન્ડ ચોકડી, કુવાડવા રોડ |
| સદગુરુ રણછોડનગર |
| સીતારામ રોડ |
| જય અંબે ઈન્ડસ્ટ્રીઝ, માંડા ડુંગર |
| શાળા નં.૧૩ પાસે શક્તિ સોસાયટી |
| ભાવનગર રોડ, માનસરોવર પાર્કનો એપ્રોચ |
| ખોડીયાર પરા વિસ્તાર, આજી જી.આઈ.ડી.સી.ની બાજુમાં, ૮૦ ફૂટ રોડ |
| તાલુકા શાળા રોડ પર પ્રથમ એવન્યુ એપાર્ટમેન્ટ પાસે |
| સરદાર ઈન્ડસ્ટ્રીઝ પાસે ૨૪ મીટર રોડ |
| પટેલ ચોક |
| શ્રધ્ધા ૪૦ ફૂટ રોડ, ડીમાર્ટ પાસે |
| સાઈબાબા સર્કલ |
| રામનાથપરા - ૪ |
| રામાપીર સર્કલ તથા શીતલ પાર્ક સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ |
| પર્ણકુટી મેઈન રોડ અતિથી ચોક થી મોદી સ્કુલ |
| કાશી વિશ્વનાથ પ્લોટ મે.રોડ |
| જામનગર રોડ, ગાયત્રીધામ સોસાયટી |
| શેઠનગર, જામનગર રોડ |
| ટાગોર રોડ હેમુ ગઢવી હોલ પાસે |
| ડો.યાજ્ઞિક રોડ, જાગનાથ પ્લોટ મહાકાળી મંદિર રોડ અજય એપાર્ટમેન્ટ પાસે |
| ગાંધી મ્યુઝિયમ સામેના ભાગમાં પંચનાથ પ્લોટ મે.રોડ, ગેલેકસી કોમ્પલેક્ષ કિરણ ઈલેક્ટ્રીક પાસે |
| આરાધના સોસાયટી, વિજયનગરના વૉંકળા પાસે |
| ઢેબર કોલોની ગાયત્રી મે. રોડ પે & યુઝ ટોયલેટ પાસે |

## વેરાવળના જુગારના દરોડામાં ટોળાએ પોલીસને ઘેરી લેતા

# જુગાર કલબમાં PIનું ફાયરિંગ

## વેરાવળના કોળીવાળા વિસ્તારમાં તંગદિલી, જુગારીઓ નાસી છૂટ્યા





**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**

સંવેદનશીલ શહેર એવા જીલ્લા મથક વેરાવળના કોળીવાળા વિસ્તારમાં ચાલતી જુગારની કલબ ઉપર મંગળવારે મોડીસાંજે સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) દ્વારા ગુપ્ત બાતમીના આધારે દરોડા પાડેલ ત્યારે હંગામો સર્જાયો હતો. SMC ના દરોડાની કાર્યવાહી દરમ્યાન સ્થાનિક લોકોના ટોળાં એકત્ર થઈ જતાં પરિસ્થિતિ તંગ બનતા SMC ના પીઆઈ જે.એચ. સીસોદીયાએ કાયદો-વ્યવસ્થા કાબુમાં રાખવા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરવું પડ્યું હતું. જેના પગલે ખળભળાટ મચી ગયો હતો.

આ દરોડા અને હંગામા અંગે મળતી માહિતી મુજબ SMCની ટીમ અત્રેના કોળીવાળા વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડવા પહોંચી હતી. આ કાર્યવાહી દરમ્યાન સ્થળ પર મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયેલ અને પોલીસની કામગીરીમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ થયો હતો. જો કે, પરિસ્થિતિ વધુ ઉગ્ર બનતા અને ટોળું કાબુ બહાર જવાની સ્થિતિ સર્જાતા પીઆઈ જે.એચ. સીસોદીયાએ આત્મરક્ષા તેમજ ભીડને વિખેરવા માટે હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. ફાયરિંગના અવાજથી સમગ્ર કોળીવાળા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો પણ મોટી સંખ્યામાં સ્થળ પર પહોંચી ગયા હતા. તો બીજી તરફ વેરાવળ શહેર પોલીસનો કાફલો પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા બાદ વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી સ્થિતિને કાબૂમાં લીધી હતી.

આ દરોડા દરમ્યાન જુગારમાં સંડોવાયેલા કેટલાક શખ્સો સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જો કે, પોલીસને સ્થળ પરથી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં સફળતા મળી છે. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી હોવાની સત્તાવાર માહિતી હજુ સુધી બહાર આવી નથી. આ સમગ્ર બનાવ અંગે SMCના પીઆઈ જે.એચ. સીસોદીયાએ બનાવની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, જુગાર અંગેની કાર્યવાહી દરમ્યાન સ્થાનિક લોકોના ટોળાં એકત્ર થઈ જતાં કાયદો- વ્યવસ્થા જાળવવા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનામાં જુગારનો ગુનો તેમજ પોલીસની ફરજમાં હુમલો અને કામગીરીમાં રુકાવટ અંગે બે અલગ-અલગ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ લખાય છે ત્યારે રાત્રે લગભગ ૮ વાગ્યા સુધી પોલીસની કાર્યવાહી ચાલુ હતી. હુમલાના પ્રયાસમાં કોણ-કોણ સંડોવાયેલું હતું, કેટલા લોકો સામે ગુનો નોંધાશે તેમજ જુગારના નેટવર્ક અંગેની વધુ વિગતો પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જાહેર કરવામાં આવશે. જો કે, આ સમગ્ર ઘટનાએ શહેર અને પંથકમાં ભારે ચર્ચા જગાવી છે.

# સિંગાપોર ટિકિટ-વિઝાના બહાને રૂપિયા 7.59 લાખની છેતરપિંડી

## પ્રવાસના આગલા દિવસે 'વિઝા રિજેક્ટ' કહી ફોન બંધ કરી દીધા

## રાજકોટની યુવતીની ફરિયાદ બાદ સુત્રાપાડા અને અમદાવાદના બે શખ્સ સામે ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સિંગાપોર પ્રવાસ માટે ઓછી કિંમતમાં એર ટિકિટ અને વિઝા અપાવવાની લાલચ આપી ૪૦ લોકો પાસેથી કુલ રૂ. ૭.૫૯ લાખ પડાવી છેતરપિંડી આચરવાના મામલે રાજકોટ યુનિવર્સિટી પોલીસમાં સુત્રાપાડાના અજય જગદીશભાઈ દેવળીયા, અમદાવાદના દીપ રમેશભાઈ માલવીયા તથા તપાસમાં ખુલનારા અન્ય શખ્સો સામે ગુનો નોંધાયો છે.

ફરિયાદી ક્રિષ્નાબેન ભીમશીભાઈ રાવલીયાના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૫ દરમિયાન ઈન્સ્ટાગ્રામ મારફતે અજય દેવળીયા સાથે સંપર્ક થયો હતો. તેણે




પોતાની 'સ્લેડીંગ હોલીડે પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાં વર્ક ફ્રોમ હોમની નોકરી આપ્યા બાદ વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં ફરિયાદીના માતા ટમુબેન રાવલીયા જોડાયેલી 'કાયા પલટ' કંપની દ્વારા સિંગાપોર પ્રવાસનું આયોજન થતાં અજય દેવળીયાએ અન્ય એજન્ટ કરતાં સસ્તા દરે ટિકિટ અને વિઝા કરાવી આપવાની ખાતરી આપી હતી.

આ ઓફર બાદ કંપનીના કુલ ૪૦ સભ્યોએ પોતાના પાસપોર્ટ અજય દેવળીયાને મોકલ્યા હતા. આરોપીઓએ અલગ-અલગ બેંક ખાતામાં રકમ જમા કરાવવા કહી કુલ રૂ. ૭,૫૯,૩૫૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. જેમાં અમદાવાદના દીપ માલવીયાના ફેડરલ બેંક ખાતામાં પણ મોટી રકમ જમા કરાવવામાં આવી હતી.

પ્રવાસ માટે ૨૮ માર્ચ, ૨૦૨૬ની તારીખ નક્કી હતી. જોકે પ્રવાસના એક દિવસ અગાઉ અજય દેવળીયાએ ફોન કરી તમામના વિઝા રિજેક્ટ થઈ ગયા હોવાનું જણાવ્યું હતું. ભોગ બનનારાઓએ એમ્બેસીનો અધિકૃત પુરાવો માંગતા આરોપીઓ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. બાદમાં ટૂંક સમયમાં રૂપિયા પરત આપવાની ખાતરી આપી હતી, પરંતુ ન તો ટિકિટ-વિઝા આપ્યા અને ન તો રૂપિયા પરત કર્યા. ત્યારબાદ તમામ આરોપીઓએ પોતાના મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ કરી દીધા હતા.

આ સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાતા એએસઆઈ એચ.જે. જોગડાએ અજય દેવળીયા, દીપ માલવીયા તથા તપાસમાં ખુલનારા અન્ય આરોપીઓ સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અશ્વીની ભટ્ટની નવલકથા આખેટનું રેકોર્ડીંગ કરતી વખતે ગોપાલને એવુ લાગી રહ્યું હતું કે જાણે તે પિકચર જોઈ રહ્યો છે




લીગલ ઑફિસમાં નોકરી લાગ્યા પછી ગોપાલનો શિડ્યૂલ એકદમ ટાઇટ થઈ ગયો હતો. સલીમ તો ક્યારેક તેની મસ્તી કરતાં કહેતો કે, “ગોપાલ, તું તો હવે મોટો સાહેબ થઈ ગયો છે. મોટા મોટા વકિલો અને જજ સાહેબ સિવાય, નાના માણસો સાથે તું તો વાત પણ કરતો નથી.”સલીમની એવી ફરિયાદ પણ હતી કે, એક જ જેલમાં રહેતા હોવા છતાં ગોપાલ સાથે તેની હવે માંડ દસેક દિવસે વાત થતી હતી. આમ પણ, લીગલ ઑફિસમાં કામ મળ્યા પછી ગોપાલ વ્યસ્ત રહેતો હતો. વધુમાં હવે તો તેણે બુક રેકોર્ડિંગનું કામ પણ શરૂ કર્યું હતું. જેને કારણે બપોરે લીગલ ઑફિસમાં રિસેસ હોય ત્યારે એ ગાંધીયાર્ડમાં જઈને બુક રેકોર્ડિંગનું કામ કરતો હતો. વિરાંગે તેને એક જ અઠવાડિયામાં બધું શીખવાડી દીધું હતું. ઘણી વખત તો એવું થતું કે, વિરાંગ પણ ન આવ્યો હોય અને ગોપાલે આવીને પોતાનું કામ શરૂ કરી દીધું હોય.

ગોપાલને ગાંધીયાર્ડનું પણ આકર્ષણ હતું. ખબર નહીં કેમ, પણ તેને ગાંધીયાર્ડમાં આવ્યા પછી કંઈક સારી અનુભૂતિ થતી હતી, કદાચ તે શબ્દો એ સમજાવી શકતો નહોતો; પણ તે જ્યારે જ્યારે ગાંધીયાર્ડમાં આવે, ત્યારે ગાંધીખોલી સામે આંખો બંધ કરીને થોડીક ક્ષણો અચૂક ઊભો રહેતો. પછી જ પોતાનું કામ શરૂ કરતો હતો.


ગોપાલ બુક રેકોર્ડિંગમાં આવ્યો એ પહેલાં તેને વાંચવાનું જરા પણ ગમતું નહોતું. ગોપાલ મનમાં વિચારતો કે, જો આટલું તેણે સ્કૂલમાં વાંચ્યું હોત, તો આજે પોતે કલેક્ટર હોત! વિરાંગ તેને લેખક અશ્વિની ભટ્ટની આખેટ નામની નવલકથા રેકોર્ડ કરવા આપી ગયો હતો. ગોપાલ ઓ નવલકથાનું રેકોર્ડિંગ કરી રહ્યો હતો. એ વખતે તેને લાગી રહ્યું હતું કે, જાણે તે વાંચતો નથી, કોઈ પિક્ચર જોઈ રહ્યો છે! અશ્વીની ભટ્ટની નવલકથાનું રેકોર્ડિંગ કરતાં કરતાં ગોપાલને લાગ્યું કે, તેનું જીવન પણ કોઈ નવકથાનાં પાત્ર કરતાં ઉતરતું નથી! કારણ, તેની જિંદગી પણ કોઈ નવલકથાના પ્રવાહની જેમ જ બદલાઈ રહી હતી.

ગોપાલને તરત મમ્મીને યાદ આવી ગઈ. તે વિચારમાં પડી ગયો કે, મમ્મી મુલાકાતમાં આવી ત્યારે સ્વસ્થ દેખાવાનો પ્રયત્ન ભલે કરતી હતા, પણ ખરેખર તે સ્વસ્થ નહોતી. તેનાં મનમાં કંઈક તો ચાલી જ રહ્યું હતું. કદાચ તે કહી શકી નથી. ગોપાલ યાદ કરી રહ્યો હતો કે, મમ્મી ક્યારે ડિસ્ટર્બ લાગી? તરત તેને યાદ આવ્યું કે, નિશીની વાત નીકળી કે, તરત જ મમ્મીનો ચહેરો પડી ગયો હતો. પણ નિશી પોતાના પપ્પાના ઘરે ગઈ, એમાં મમ્મીને આટલું માઠું લગાડવાની ક્યાં જરૂર હતી? ગોપાલને કંઈ સમજાઈ રહ્યું નહોતું. ગોપાલને વિચાર આવ્યો કે, મારે નિશીને જ ફોન કરવો જોઈએ.

એ સાંજે તે બેરેક પર પહોંચ્યો. તેને કંઈક સળગવાની વાસ આવી રહી હતી. તેણે ઊંડો શ્વાસ લીધો અને શેની વાસ આવી રહી છે; તે જાણવાનો પ્રયત્ન કર્યો. વિરાંગે તેને જોયો. વિરાંગને લાગ્યું કે, ગોપાલ કંઈક ગરબડ કરશે. તેણે મોઢા પર આંગળી મૂકીને ગોપાલને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. ગોપાલને આશ્ચર્ય થયું. તે તો માત્ર ઊંડો શ્વાસ જ લઈ રહ્યો હતો. તેમાં વિરાંગ તેને કેમ ચૂપ રહેવાનો ઈશારો કરી રહ્યો છે! વિરાંગ સમજી ગયો કે, અક્કલનો બારદાન ગોપાલ કંઈ સમજશે નહીં. વિરાંગ તેની પાસે આવ્યો અને હાથ પકડીને ખૂણામાં લઈ ગયો અને કહ્યું, “ચૂપ રહેજે. હાંડી ચાલી રહી છે.”

ગોપાલ વિચાર કરવા લાગ્યો, હાંડી ચાલી રહી છે? તેણે ગેટ ઉપર જોયું. બંધી તો થઈ ગઈ હતી; પણ ઑફિસ બેરેક હોવાને કારણે સિપાહી એક પછી એક આવી રહેલા કેદી માટે બહારનું લોક ખોલવા બેસી રહ્યો હતો. ગોપાલને વિચાર આવ્યો કે, સિપાહી બહાર બેઠો છે અને બેરેકમાં હાંડી ચાલી રહી છે! ગોપાલે ધીમા અવાજે પૂછ્યું, “ક્યાં છે હાંડી?”

વિરાંગે તેનો હાથ દબાવ્યો અને ખૂણામાં બાથરૂમ તરફ લઈ ગયો. ગોપાલે જોયું તો એક કેદી ઉભડક પગે બેઠો હતો. તેણે ત્રણ ઈંટ ગોઠવીને ચૂલો બનાવ્યો હતો. બળતણમાં બેરેકની બહાર રહેલા લીમડાની સૂકી ડાળીઓ લીધી હતી. આગ તો સળગાવી હતી, પણ આગ મોટી ન થાય એ માટે ધીરે ધીરે ડાળીઓ નાખી રહ્યો હતો. ચૂલાની ઉપર ઍલ્યુમિનિઅમનું એક ટમલર હતું. તેની ફરતે ભીની માટીનું લીપણ હતું અને ટમલરમાં દાળ ઉકળી રહી હતી. બાજુમાં નાની બાટલીમાં તેલ હતું. એક ડીશમાં મરચું અને બીજો મસાલો હતો.



પ્રશાંત દયાળ

ગોપાલ આ જોઈને થોડો ડરી ગયો. તેણે પાછળ ફરીને પાછું ગેટ પર રહેલા સિપાહી તરફ જોયું. વિરાંગે તેનો હાથ પકડીને કહ્યું, “પાછળ જોયા કરીશ તો પકડાઈ જઈશ. ચાલ, તારા બિસ્તર ઉપર જતો રહે. હમણાં દાળ લઈને આવું છું.”

ગોપાલ પોતાના બિસ્તર પર બેસી ગયો. દાળની સુગંધ તેના બિસ્તર સુધી આવી રહી હતી. ઑફિસ બેરેકની બાજુમાં જ જેલનું રસોડું હતું. જેમાં રોજ કેદીઓ માટે રસોઈ થતી હતી. જેથી સિપાહીને અંદાજ આવવો મુશ્કેલ હતો કે, આ સુગંધ બેરેકમાંથી આવી રહી છે કે રસોડામાંથી!

થોડીવારમાં વિરાંગ દાળનો ડબ્બો લઈને આવ્યો. ગોપાલ અને વિરાંગ સાથે જમવા બેઠા ગોપાલે એક ચમચી દાળ ખાધી અને કહ્યું, “વાહ! અરે ભાઈ, આ તો ચંદ્રવિલાસને પણ ટક્કર મારે એવી દાળ બનાવી છે.”વિરાંગના ચહેરા પર ખુશી હતી. આમ પણ, ખુશીનો નિયમ એવો છે કે, ભેગું કરનારને નહીં; આપનારને જ ઉપરવાળો ખુશી આપે છે. ગોપાલ ચુપચાપ જમી રહ્યો હતો. વિરાંગે જમતાં જમતાં કહ્યું, “અઠવાડિયામાં બેત્રણ વખત હાંડી થાય છે.”ગોપાલે તેની સામે જોયું ને તરત પાછી સિપાહી તરફ તેની નજર જતી રહી. વિરાંગે કહ્યું, “જો, પકડાઈ જઈએ તો ખટલો પણ થાય.”જમતાં જમતાં ખટલો શબ્દ સાંભળીને ગોપાલના શરીરમાંથી જાણે વીજળી પસાર થઈ ગઈ. વિરાંગ હસી પડ્યો. તેણે કહ્યું, “હમણાં નહીં જમે તો પણ ખટલો થશે.”ગોપાલનું હૃદય સતત ફફડી રહ્યું હતું. તેનો કોઈ અજાણ્યો ડર લાગી રહ્યો હતો. તેને કઈ બાબતની ચિંતા થઈ રહી છે; એની તેને પોતાને પણ ખબર નહોતી. પણ તેનું મન સતત તેને એવું કહી રહ્યું હતું કે, તેની સાથે કંઈક ખોટું થવાનું છે. ગોપાલ જ્યારે પણ યાર્ડમાંથી બહાર નીકળે ત્યારે મેલડી માતાના દર્શન અચૂક કરી લેતો હતો. એ માતાજીને કહેતો હતો કે, મા હવે તું જ સંભાળી લેજે.

ગોપાલે નિશીનાં ઘરે પણ એકવાર ફોન કર્યો હતો. ફોન તેના પપ્પાએ જ ઉપાડ્યો હતો. તેના પપ્પા સાથે વાત થઈ તો એમણે કહ્યું હતું કે, નિશી બહાર ગઈ છે. ગોપાલ રજા પરથી પાછો આવ્યો તેને એક મહિનો થઈ ગયો હતો. હજી સુધી નિશી તેને મળવા આવી નહોતી. તે મુલાકતમાં જ્યારે પણ મમ્મીને નિશી વિશે પૂછતો, ત્યારે તે પણ વાતને ટાળી દેતી હતી. બીજા દિવસે સવારે ગોપાલ લીગલ ઑફિસમાં જવાની તૈયારી જ કરતો હતો. એવામાં મુલાકાતરૂમમાં નોકરી કરતો એક કેદી આવ્યો. એણે કહ્યું, “ગોપાલ, તારી મુલાકાત આવી છે.”ગોપાલ એકદમ ખુશ થઈ ગયો. તેણે પૂછ્યું, “કોણ આવ્યું છે?”ગોપાલનો પ્રશ્ન સાંભળીને બેરેકમાં હતા એ બધા હસી પડ્યા. સંદેશો આપવા આવેલા કેદીએ પાછું વળીને કહ્યું, “તારી બાયડી આવી છે.” (ક્રમશઃ)



### કાલાવડ માર્કેટિંગ યાર્ડની કમાન સતત બીજી વખત યુવા નેતૃત્વના હાથમાં

# મૌલિક નથવાણી ફરી ચેરમેન બન્યા

## સ્વ. દિલીપભાઈ નથવાણીના સહકારી વારસાને આગળ ધપાવવાનો સંકલ્પ

**સિટી ન્યૂઝ@કાલાવડ**

રાજકીય ક્ષેત્રે, સહકારી ક્ષેત્રે હાલારમા બીજી પેઢીને પણ તક મળે છે તે બાબત ખુબ રસપ્રદ બની રહી છે જેનું વધુ એક ઉદાહરણ બન્યુ છે, જેમાંભણેલા-ગણેલા-કોઠાસુઝ અને સહકારી ક્ષેત્રનો વારસો ધરાવતા મૌલીક નથવાણી પોતાના સ્વર્ગસ્થ પિતાના વારસાને જાળવી રાખવામાં વધુ એક વખત સફળ થયા અને ભાજપે તેનો ભરોસો કરી અને કાલાવડ માર્કેટિંગ યાર્ડની ચેરમેન તરીકેની મહત્વની જવાબદારી સોંપી છે

સહકાર ક્ષેત્રમાં સ્વ.દિલીપભાઈ નથવાણીના ઊંડા કરેલા પાયાના વારસાને પુત્ર મૌલિક નથવાણી અને ભત્રીજા ઋષિ નથવાણી આગળ ધપાવી રહ્યા છે અને યાદ કરાવે તેવા ચોકઠાના મહારથી સ્વ.દિલીપભાઈ નથવાણીના સબંધો આજે પણ અડીખમ છે તેવો સાર મળે છે.

જામનગર જિલ્લામા નથવાણી બંધુઓનું પ્રભુત્વ સહકાર ક્ષેત્રમા અનેરૂ છે તેમજ ગોઠવણ બેજોડ હોય છે તેમ કહેવાય છે, માટે જ ખુબ પ્રતિષ્ઠીત ગણાતી વિશાળ અને રાજ્ય સ્તરની સહકારી સંસ્થા ગુજકોમાસોલની બે બેઠકો જામનગર જિલ્લાની બેઠક મૌલિક દિલીપભાઈ નથવાણી તો દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી સ્વ.દિલીપભાઈ નથવાણીના ભાઈ અરવિંદભાઈ નથવાણીના પુત્ર ઋષિ નથવાણી ડાયરેક્ટર તરીકે હાલ કાર્યરત છે

મૌલિક નથવાણી પિતાના વારસાને સાચવી રાખવા સહકારી ક્ષેત્ર ઉપરાંત કાલાવડ માર્કેટિંગ યાર્ડ માટે તનતોડ મહેનત કરી રહ્યા છે તેની નોંધ ભાજપ પક્ષે બખૂબી લીધી છે માટે જ મૌલિક નથવાણીને કાલાવડ માર્કેટિંગ યાર્ડના ચેરમને પદે બેસાડવા ભાજપે તેને મેન્ડેટ આપ્યો છે.

મૌલિક નથવાણી mysamachar સાથેની વાતચીતમાં જણાવે છે કે હું ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક નેતૃત્વથી લઈને પ્રદેશ નેતૃત્વનો આભાર માનું છે કે મને સતત બીજી વખત કાલાવડ માર્કેટિંગ યાર્ડની કમાન સોંપી આ ભરોષો પક્ષનો કાયમ રહે તેવા મારા સનિષ્ઠ પ્રયાસો ભૂતકાળમાં પણ રહ્યા છે અને ભવિષ્યમાં પણ રહેશે અને યાર્ડમાં ખેડૂતો વેપારીઓ સહિતનાઓ માટે જે કાઈ થતું તે કરવા માટે હમેશા કટિબદ્ધ રહીશ



યુવા નેતૃત્વની કાર્યક્ષમતા ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ જાણે છે અને યુવાઓના હાથમાં કમાન સોંપવાથી કેવા બદલાવો આવી શકે તે અંગે જાણવા એવું મળે છે કે ગતટર્મ એટલે પાછલા અઢી વર્ષ દરમિયાન કાલાવડ માર્કેટિંગ યાર્ડની જે કંગાળ જેવી સ્થિતિ હતી અને આવક ક્યારેય અઢી કરોડથી ઉપર ગઈ નહોતી તે અઢી વર્ષમાં જ મૌલિક નથવાણીના નેતૃત્વ હેઠળની યાર્ડની કાર્યદક્ષ કર્મચારીઓની ટીમે તનતોડ મહેનત કરી રેકોર્ડબ્રેક ૫ કરોડને વટાવી ગઈ છે.

ના માત્ર આટલું જ અગાઉ ખેડૂતોને વીમાકવચ નહોતું મળતું તેમાં યાર્ડની કમાન સંભાળીને મૌલિક નથવાણીએ પ્રથમ ૧ લાખ અને બાદમાં ૩ લાખ સુધીનું ખેડૂતોને અકસ્માત વીમાકવચ પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે.આમ કાલાવડ યાર્ડનો સર્વાંગી વિકાસ થાય ખેડૂતોને ખરો તોલ યોગ્ય ભાવ મળી રહે વેપારીઓનું પણ હિત જળવાઈ અને યાર્ડ સતત પ્રગતી કરે તેવા પ્રયાસો આગામી અઢીવર્ષમાં પણ કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

# 16 વર્ષની સગીરાના અપહરણ અને દુષ્કર્મ કેસમાં આરોપી નિર્દોષ જાહેર

## આક્ષેપો પુરવાર કરવા ફરિયાદ પક્ષ વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યું : મોરબી પોક્સો કોર્ટ

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીની પોક્સો વિશેષ અદાલતે ૧૬ વર્ષની સગીરાના અપહરણ અને દુષ્કર્મના કેસમાં મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ ચુકાદો આપતાં આરોપી રમેશ નાનુરામ યાદવને નિર્દોષ જાહેર કર્યો છે. અદાલતે પોતાના ચુકાદામાં સ્પષ્ટ નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓ આરોપોને સાબિત કરવા માટે પૂરતા, મજબૂત અને વિશ્વસનીય નથી, જેના કારણે આરોપીને શંકાનો લાભ આપવો જરૂરી બન્યો હતો.


Adv. Kalpanaben Bajani

કેસની વિગતો મુજબ, મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં બ્રિજ સિરામિકમાં કામ કરતા ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે આરોપી રમેશ નાનુરામ યાદવ તેમની ૧૬ વર્ષની પુત્રીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ગંભીર આક્ષેપોને આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી અને તપાસ પૂર્ણ કર્યા બાદ ચાર્જશીટ અદાલતમાં રજૂ કરી હતી. સુનાવણી દરમિયાન આરોપી તરફથી એડવોકેટ કલ્પના બજાણીયાએ વિગતવાર કાનૂની દલીલો રજૂ કરી હતી તેમજ વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો સંદર્ભ આપી પોતાના પક્ષને મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કેસ દરમિયાન રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું અદાલતે સાવધાનીપૂર્વક મૂલ્યાંકન કર્યું હતું. અદાલતે નોંધ્યું હતું કે ભોગ બનનારના નિવેદનો અને અન્ય પુરાવાઓ વચ્ચે પૂરતી સુસંગતતા જોવા મળતી નથી અને આરોપોને સમર્થન આપતા વિશ્વસનીય પુરાવા ઉપલબ્ધ થયા નથી. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ શિક્ષાપાત્ર ગુનાઓ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું હોવાથી આરોપીને દોષિત ઠેરવવા માટે જરૂરી કાનૂની માપદંડ પૂર્ણ થતા નથી. તેથી આરોપીને શંકાનો લાભ આપવો યોગ્ય ગણાયો હતો. પરિણામે વિશેષ પોક્સો અદાલતના ન્યાયાધીશે આરોપી રમેશ નાનુરામ યાદવને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવાનો આદેશ કર્યો હતો.

આ કેસમાં આરોપી તરફે એડવોકેટ કલ્પના બજાણીયા હાજર રહ્યા હતા અને તેમના દ્વારા રજૂ કરાયેલા દલીલોને અદાલતે નોંધપાત્ર ગણાવી હતી.

# ખેડૂતો અને નાગરિકોની વહારે અતુલ કાનાણી

## અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે કરી ખાસ રાહત પેકેજ જાહેર કરવા મુખ્યમંત્રીને રજૂઆત

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-રાજુલા**

અમરેલી જિલ્લામાં તા. ૪ જુલાઇથી શરૂ થયેલા ભારે વરસાદના કારણે ખેડૂતો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોને થયેલા વ્યાપક નુકસાનને ધ્યાને લઈ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સર્વે કરાવી યોગ્ય વળતર અને વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગણી કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે અતિવૃષ્ટિના કારણે અનેક વિસ્તારોમાં ખેતરોનું ધોવાણ થયું છે તેમજ બાગાયતી પાક, પશુધન અને રહેણાંક મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. વરસાદી પાણી દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓનો કિંમતી માલસામાન બગડ્યો છે, જ્યારે માટીકામ સાથે સંકળાયેલા ઈંટના ભઠ્ઠાઓને પણ ભારે નુકસાન થયું છે.

અતુલભાઈ કાનાણીએ સરકારને અસરગ્રસ્ત ખેડૂતો, વેપારીઓ અને નાગરિકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી સરકારના નિયમો મુજબ યોગ્ય આર્થિક સહાય ચૂકવવા અપીલ કરી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે



જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ, નાળા અને પુલિયાઓને પણ નુકસાન પહોંચ્યું છે. અનેક ગામોમાં કાચા રસ્તા ધોવાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. તેથી યુદ્ધના ધોરણે રસ્તાઓના સમારકામની કામગીરી શરૂ કરી લોકોને રાહત આપવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.


જિલ્લા ભાજપ પ્રમુખે મુખ્યમંત્રીને અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરી ખેડૂતો અને નાગરિકોને વહેલી તકે સહાય પહોંચાડવા વિનંતી કરી છે.

# રૂપિયા લઈ લગ્ન કરાવી આપતી ટોળકીનો પર્દાફાશ

## મોરબીમાં રૂ. 1 લાખમાં લગ્ન કરાવ્યા બાદ દુલ્હન માત્ર 8 દિવસમાં ફરાર; ગૃહમંત્રી અને DGP સુધી રજૂઆત બાદ બે મહિલાઓ સામે ગુનો નોંધાયો

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીમાં લગ્નના નામે રૂપિયા લઈને છેતરપિંડી કરતી ટોળકીનો ચોંકાવનારો ભાંડો ફૂટ્યો છે. અમદાવાદની એક મહિલાએ રૂ. ૧ લાખ લઈને રાજસ્થાનની યુવતી સાથે લગ્ન કરાવ્યા હતા, પરંતુ દુલ્હન માત્ર આઠ દિવસમાં જ સાસરેથી કોઈને જાણ કર્યા વગર ફરાર થઈ જતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. શરૂઆતમાં ફરિયાદ નોંધવામાં આનાકાની થતાં ભોગ બનનારે ગૃહમંત્રી અને રાજ્ય પોલીસ વડા (DGP) સુધી રજૂઆત કરી હતી. ત્યારબાદ મોરબી એ-ડિવિઝન પોલીસે બે મહિલાઓ સામે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ફરિયાદ મુજબ, મોરબીના વાવડી રોડ પર સાધુ વાસવાણી કુંજ સિંધી સોસાયટીમાં રહેતા ૪૭ વર્ષીય અશોકભાઈ મૂળચંદભાઈ અડવાણીને અમદાવાદના બિલાસિયા ચોકડી વિસ્તારમાં રહેતી પ્રીતિબેન કેવલરામ વાઘવાણીએ લગ્ન કરાવી આપવાની ખાતરી આપી રૂ. ૧ લાખ લીધા હતા. ત્યારબાદ ગત ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ જોધપુર (રાજસ્થાન)ની નિશા રામચંદ્ર હેમલાની સાથે તેમના લગ્ન કરાવવામાં આવ્યા હતા. લગ્ન બાદ નિશા મોરબી ખાતે સાસરીમાં માત્ર આઠથી નવ




દિવસ રહી હતી. ત્યારબાદ તે કોઈને જાણ કર્યા વગર અચાનક ઘર છોડીને જતી રહી હતી. પરિવાર દ્વારા શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો ન લાગતા અશોકભાઈને પોતાની સાથે લગ્નના બહાને છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. ભોગ બનનારે સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો હતો, પરંતુ શરૂઆતમાં ફરિયાદ નોંધવામાં આવી ન હતી. ત્યારબાદ તેમણે રાજ્યના ગૃહમંત્રી તથા ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસને લેખિત રજૂઆત કરી હતી. ગાંધીનગરથી સૂચના મળ્યા બાદ મોરબી એ-ડિવિઝન પોલીસે અમદાવાદની પ્રીતિબેન વાઘવાણી અને રાજસ્થાનની નિશા હેમલાની સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે બંને મહિલાઓની શોધખોળ શરૂ કરી છે અને લગ્નના નામે ચાલતા આવા ગેરકાયદે રેકેટ અંગે પણ તપાસનો વ્યાપ વિસ્તૃત કરવામાં આવ્યો છે.

# ઉગતાપોરના મેલડી માં ધામે વ્યસનમુક્તિ સંકલ્પ સાથે ભવ્ય રામામંડળનું આયોજન





સિટી ન્યૂઝ@રાજકોટ

અષાઢી બીજના પાવન અવસરે રાજકોટના સુપ્રસિદ્ધ શ્રી ઉગતાપોરના મેલડી માં ધામે આગામી તા. ૧૨ જુલાઈ (રવિવાર)ના રોજ વ્યસનમુક્તિનો સંદેશ આપતા ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ક્ષત્રિય અગ્રણી કિશોરસિંહજી જાડેજાના આયોજન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં શ્રી રામદેવપીર મહારાજના જીવનચરિત્રને રજૂ કરતું 'રામામંડળ' મુખ્ય આકર્ષણ રહેશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ આયોજન નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાની પ્રેરણા અને શુભેચ્છા સાથે યોજાઈ રહ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢીને દારૂ અને અન્ય વ્યસનોથી દૂર રહી સ્વસ્થ, સંસ્કારી અને સકારાત્મક જીવન તરફ પ્રેરિત કરવાનો છે. સાથે સાથે સમાજમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમમાં ગેલમોગલ શક્તિપીઠ આશ્રમ (ગારીડા)ના મહંત વિજયબાપુ, જય શ્રી ગોપાલ ટ્રસ્ટના રાજુભાઈ પ્રજાપતિ, સત્ય સનાતન ગ્રૂપના અંકિતભાઈ અજાણી, ભાવેશભાઈ લીંબાસીયા, વિમલભાઈ લીંબાસીયા, પ્રકાશભાઈ, લોકસાહિત્યકાર કૌશિકભાઈ મહેતા (ભુદેવ), મેલડી માંના ઉપાસક રાજુભાઈ (કંટાળાની મેલડી), કૌશિકભાઈ પૂજારી તથા ભાવિનભાઈ ખખર (બજરંગ) સહિતના આગેવાનો સહયોગ આપી રહ્યા છે. આ તમામ આગેવાનોના સહકારથી કાર્યક્રમને વિશાળ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

કાર્યક્રમ દરમિયાન જય શ્રી ખોડીયાર રામામંડળ દ્વારા ભગવાન શ્રી રામદેવપીર મહારાજના જીવનપ્રસંગોનું જીવંત નિરૂપણ કરવામાં આવશે, જે ભાવિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ

**12 જુલાઈએ રાજકોટમાં રામદેવપીર મહારાજના જીવનચરિત્રનું નિરૂપણ; યુવાનોમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ લાવવાનો સંકલ્પ**

નિરૂપણ દ્વારા ધાર્મિક ભાવના સાથે સંસ્કાર અને સંદેશનો પણ પ્રસાર થશે.

આ પ્રસંગે રાજકોટના મેયર નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, શહેર પોલીસના વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ સહિત અનેક મહાનુભાવોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. શહેરના વિવિધ ક્ષેત્રના આગેવાનો અને સમાજસેવકો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.કાર્યક્રમ તા. ૧૨ જુલાઈ, રવિવારે સાંજે ૪:૦૦ કલાકે, શીતલ પાર્ક સ્થિત શ્રી ઉગતાપોરના મેલડી માં ધામ ખાતે યોજાશે. આયોજક કિશોરસિંહજી જાડેજાએ સર્વે ધર્મપ્રેમી નાગરિકોને પરિવાર સાથે ઉપસ્થિત રહી વ્યસનમુક્તિના આ લોકજાગૃતિ કાર્યક્રમનો લાભ લેવા અપીલ કરી છે તેમજ વધુમાં વધુ લોકો સુધી આ સંદેશ પહોંચાડવા વિનંતી કરી છે.

## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ ૮૪ વર્ષીય તરુબેન શાહનું ચક્ષુદાન

સિટી ન્યૂઝ@રાજકોટ

૮૪ વર્ષીય સ્વ. તરુબેન યશવંતરાય શાહના અવસાન બાદ તેમના પરિવારજનોએ માનવસેવાનો ઉત્તમ સંદેશ આપતાં તેમનું ચક્ષુદાન કરાવ્યું હતું. આ સેવા કાર્ય શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. મૃતકના પરિવારજનો એડવોકેટ આશિષભાઈ શાહ, એડવોકેટ વિદિતભાઈ શાહ તથા શાહ પરિવારના સહયોગથી ચક્ષુદાનનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અરહમ ફાઉન્ડેશનના આંખના સર્જન ડૉ. ધર્મેશભાઈ શાહ અને તેમની ટીમે માનદ સેવા આપી ચક્ષુદાનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશને સમાજને ચક્ષુદાન, અંગદાન, દેહદાન, સ્કિનદાન, રક્તદાન તથા થેલેસેમિયા જાગૃતિ જેવા સેવાકીય કાર્યોમાં જોડાવા અપીલ કરી છે. જન્મદિવસ અથવા સ્વજનોની સ્મૃતિમાં સેવાકીય કાર્યક્રમો યોજવા ઇચ્છુક લોકો ફાઉન્ડેશનનો સંપર્ક કરી શકે છે.



**રાજવી શ્રી માંધાતાસિંહ જાડેજા કરશે પહીંદવિધિ; 11 જુલાઈએ જાજરમાન મામેરા વિધિ, 26 કિમીના રૂટ પર નગરજનો રથ ખેંચશે**

## રાજકોટમાં અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં છેલ્લા ૧૯ વર્ષથી યોજાતી ભગવાન જગન્નાથજીની રથયાત્રા આ વર્ષે તા. ૧૬ જુલાઈ, ગુરુવારે અષાઢી બીજના અવસરે નીકળશે. સવારે ૮:૦૦ વાગ્યે જગન્નાથ મંદિરેથી રથયાત્રાનો પ્રારંભ થશે. રથયાત્રા પૂર્વે રાજકોટના રાજવી ઠાકોર સાહેબ શ્રી માંધાતાસિંહ જાડેજાના હસ્તે પહીંદવિધિ કરવામાં આવશે. આ વર્ષે રથયાત્રામાં વૃંદાવનની રાસમંડળી, ઉજ્જૈનનું અઘોરી ગ્રુપ, મહાકાળી માતાજીનું પ્રદર્શન અને બાહુબલી હનુમાનજી આકર્ષણ રહેશે. વિવિધ ચોકમાં આ કલાકારો રજૂઆતો કરીને ભાવિકોને મનોરંજન આપશે. રથયાત્રા સવારે મંદિરેથી નીકળી શહેરના ૨૬ કિમી રૂટ પર ફરી સાંજે મંદિર પરત ફરશે. રૂટમાં મોકાજી સર્કલ, કાલાવડ રોડ, પુષ્કરધામ, જે.કે. ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, રૈયા રોડ, સદરબજાર, લીંબડા ચોક, ત્રિકોણબાગ, સાંગણવા ચોક, પેલેસ રોડ, કેવડાવાડી, દેવપરા, સહકાર મેઈન રોડ, મવડી રોડ સહિતના વિસ્તારો આવરી લેવાશે. માર્ગમાં વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવશે. રથયાત્રા પૂર્વે તા. ૧૧ જુલાઈએ મામેરા વિધિ યોજાશે. આ વર્ષે યજમાન દીપકભાઈ જયંતીલાલ દવે છે. ભગવાનને પાઘડી, આભૂષણો અને વાઘા અર્પણ થશે તેમજ છપ્પન ભોગ ધરાવવામાં આવશે. તા. ૧૬ જુલાઈએ સવારે ૬ વાગ્યે નેત્રોત્સવ બાદ મહાઆરતી થશે અને ત્યારબાદ ભગવાન જગન્નાથજી, બલભદ્રજી અને સુભદ્રાજીને રથમાં બિરાજમાન કરાશે. મહાનુભાવો અને સંતોના હસ્તે રથ ખેંચીને યાત્રાનો પ્રારંભ થશે. બપોરે ૧ વાગ્યે રાજવી શ્રી માંધાતાસિંહ જાડેજાના પેલેસ ખાતે પ્રસાદની વ્યવસ્થા રહેશે. સાંજે ૭ વાગ્યે મંદિર ખાતે સાધુ-સંત ભંડારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જગન્નાથ મંદિરના મહંત ૧૦૦૮ મહામંડલેશ્વર ત્યાગી મનમોહનદાસજી ગુરુ રામકિશોરદાસજીએ નગરજનોને પરિવાર સાથે ઉપસ્થિત રહી રથયાત્રાનો લાભ લેવા આમંત્રણ આપ્યું છે.

# વિદ્યાભારતી ગુજરાતના સંગઠનમંત્રી મહેશભાઈ પતંગે હૃદયરોગથી નિધન

સિટી ન્યૂઝ@રાજકોટ



વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના સંગઠનમંત્રી તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પૂર્ણકાલીન વરિષ્ઠ પ્રચારક મહેશભાઈ રમેશભાઈ પતંગેનું તા. ૬ જુલાઈએ હૃદયરોગના ગંભીર હુમલાને કારણે અકાળે અવસાન થયું છે. તેમના નિધનથી શિક્ષણ, રાષ્ટ્રસેવા અને સંગઠન ક્ષેત્રે શોકની લાગણી વ્યાપી છે.૨૭ જુલાઈ, ૧૯૬૯ના રોજ પુણે (મહારાષ્ટ્ર)માં જન્મેલા મહેશભાઈએ ડિપ્લોમા ઈન મિકેનિકલનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કાયનેટિક હોન્ડામાં સુપરવાઈઝર તરીકે સેવા આપી હતી. વર્ષ ૧૯૯૧માં તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્ણકાલીન પ્રચારક તરીકે જીવન સમર્પિત કર્યું હતું. વર્ષ ૧૯૯૪થી ગુજરાતમાં શહેર પ્રચારક, વિભાગ પ્રચારક સહિતની વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી હતી. વર્ષ ૨૦૧૦થી તેઓ વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના સંગઠનમંત્રી તરીકે કાર્યરત હતા. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતના જનજાતિ વિસ્તારો, કચ્છના સીમાવર્તી વિસ્તારો તથા શિક્ષણથી વંચિત વિસ્તારોમાં વિદ્યાભારતીના અનેક પ્રકલ્પો શરૂ થયા. છોટાઉદેપુર, સોનગઢ અને કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસ ખાતે સુભાષચંદ્ર બોઝ મિલિટરી એકેડમી જેવા મહત્વપૂર્ણ શૈક્ષણિક પ્રકલ્પોના વિકાસમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું હતું.સરળ સ્વભાવ, કાર્યકર્તા પ્રત્યેની આત્મીયતા અને રાષ્ટ્રપ્રેમ માટે જાણીતા મહેશભાઈએ સમગ્ર જીવન શિક્ષણ, સંસ્કાર અને સંગઠન કાર્યને સમર્પિત કર્યું હતું. તેમના નિધનથી ગુજરાતના શિક્ષણ અને રાષ્ટ્રવાદી પરિવારમાં ક્યારેય ન પૂરી શકાય તેવી ખોટ પડી હોવાનું વિવિધ આગેવાનોએ જણાવ્યું છે. સહકાર ભારતી રાજકોટ મહાનગરના સંગઠન પ્રમુખ જયેશ સંઘાણીએ મહેશભાઈ પતંગેને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં તેમના પરિવારજનો અને અસંખ્ય કાર્યકરોને આ દુખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના વ્યક્ત કરી છે.

# રાજકોટની ઉગતી પ્રતિભા સમા સફળ બિઝનેસમેન ધ્રુવ રાજાનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ




જે નાની વયથી ભાજપના સનનિષ્ઠ કાર્યકર અને એક સફળ બિઝનેસમેન બનવામાં દ્રઢ સંકલ્પ કરી વોર્ડ નં. ૭ ના યુવા ભાજપના કાર્યકર તરીકે સેવા આપનાર રાજકોટના રઘુવંશી યુવા ધ્રુવ કમલેશભાઈ રાજાનો આજે જન્મદિવસ છે. ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો... શ્રી સ્વામી વિવેકાનંદે કરેલા યુવાનોને આહવાનને જીવંત પરખી લેનાર અને શાપર-રાજકોટમાં સ્ટેશનરી પ્રોડક્શન મેન્યુફેક્ચરિંગ કંપનીનું સફળ સંચાલન કરનાર અને પોતાના વ્યસ્ત જીવનમાંથી સેવાના સારા કામ કરતા ધ્રુવ રાજાને આઠમાં જન્મદિવસે શુભેચ્છાઓ તેમના મોબાઈલ નંબર 84605 58258 ઉપર મળી રહે છે.



તસ્વીર : અક્ષય ગોંડલીયા

# રાજકોટમાં સમય ટ્રેડિંગના નામે કરોડોની છેતરપિંડી

## બે સામે ગુનો દાખલ કરવા અરજી

### ગીતાબેન કાકડીયા અને પ્રદીપ ડાવેરા સામે DCP (ક્રાઇમ)ને ફરિયાદ; ૧૭થી વધુ રોકાણકારોના કરોડો રૂપિયા ડૂબ્યાનો આક્ષેપ, GPID હેઠળ ગુનો નોંધવાની માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ઊંચા વ્યાજની લાલચ આપી કરોડો રૂપિયા પડાવતી વધુ એક ઠગ ટોળકી મેદાને આવી છે. નાનામવા રોડ પર રહેતી મહિલાએ ક્રાઇમ બ્રાન્ચના ડી.સી.પી. સમક્ષ ગંભીર લેખિત ફરિયાદ નોંધાવી છે. જેમાં 'સમય ટ્રેડિંગ' પેઢીમાં રોકાણના બહાને આર્થિક કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો પર્દાફાશ થયો છે. આ સિન્ડિકેટે અનેક લોકોની કરોડોની મરણમૂડી પડાવી વિશ્વાસઘાત આચર્યો છે.

રાધાનગર મેઈન રોડ પર રહેતા ફરિયાદી દિવ્યાબેન ગાજીપરાએ ગીતાબેન કાકડીયા અને પ્રદીપ ડાવેરા વિરુદ્ધ સત્તાવાર પોલીસ અરજી કરી છે. અરજી મુજબ, પારિવારિક સંબંધોનો ગેરલાભ ઉઠાવી, ૨૦૧૯માં ગીતાબેને દિવ્યાબેનને પ્રદીપ ડાવેરાની માલિકીની 'સમય ટ્રેડિંગ'માં બજાર કરતાં ખૂબ ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરવા મનાવ્યા હતા. સ્નેહી પર ભરોસો રાખી દિવ્યાબેને કટકે-કટકે કુલ ૫૮ લાખ રોકડા ગીતાબેનને સોંપ્યા હતા.

રોકાણ મેળવ્યાના થોડા સમય સુધી આરોપીઓએ નિયમિત નફો ચૂકવી વિશ્વાસ જીત્યો હતો, પરંતુ બાદમાં વળતર અને મુદ્દલ આપવાનું સદંતર બંધ કરી દીધું. નાણાં પરત માંગવા ગીતાબેન અને પ્રદીપનો સંપર્ક કરતાં તેઓએ માત્ર ઉડાઉ જવાબો આપ્યા હતા. તપાસમાં વધુ ખુલ્યું હતું કે ગીતાબેન સામે અગાઉ ૨૦૧૬-૨૦૨૦ દરમિયાન પણ છેતરપિંડીના ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

દિવ્યાબેન ઉપરાંત અનેક પરિવારો આ જાળમાં ફસાયા છે. પોલીસ અરજી મુજબ રકમના આંકડા નીચે મુજબ છે: ભાવેશભાઈ ખુંટ (૧.૧૦ કરોડ), મહેશભાઈ સખીયા (૫૦ લાખ), તેજસભાઈ ગાજીપરા (૪૦ લાખ), હરેન્દ્રભાઈ અજાણી (૩૫ લાખ), સચીનભાઈ પોકલ (૩૦ લાખ), યોગેન્દ્રસિંહ જાડેજા (૨૨ લાખ), દયાબેન ગાજીપરા (૨૦ લાખ), જયશ્રીબેન કડવા (૧૮ લાખ), અર્ચનાબેન વેકરિયા (૧૬ લાખ), જગદીશભાઈ (૧૫ લાખ), ગીતાબેન અને સતીષભાઈ ગોંડલીયા (દરેકના ૧૫ લાખ), જયદીપભાઈ (૧૦ લાખ) તેમજ રસીલાબેન, ગીરીશભાઈ અને જયેશ કરડીયા (દરેકના ૧૦ લાખ).

લોકોની પરસેવાની કમાણી ડૂબાડનાર આરોપીઓ બિન્દાસ્ત ફરી રહ્યા હોવાથી પીડિતોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. આ વ્યવસ્થિત ષડયંત્રમાં આરોપીઓ વિરુદ્ધ BNS અને ખાસ કરીને મિલકતો જપ્ત કરી શકાય તેવા કડક GPID એક્ટ હેઠળ ગુનો દાખલ કરવા માંગ ઉઠી છે. હવે પોલીસ આ કૌભાંડમાં ક્યારે ગુનો નોંધી પીડિતોને ન્યાય અપાવે છે તેના પર સૌની નજર છે.

# શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે ક્ષત્રિય ગિરાસદાર સેનાની ચિંતા

» હથિયારોની સપ્લાય અને વધતા ગુનાઓ મુદ્દે કડક કાર્યવાહી કરવાની માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ





ક્ષત્રિય ગિરાસદાર સેનાના ગજેન્દ્રસિંહ ઝાલા (ખેરવા), એડવોકેટ ઈન્દુભા રાઓલ (લાખણકા), વીરભદ્રસિંહ જાડેજા (ઘનશ્યામપુર ખોખરી), પૂર્વ ફોજી નટુભા ઝાલા (વનાળા) ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ શહેર અને જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ ચિથરેહાલ બની છે. એક સમયનું શાંત અને રંગીલુ રાજકોટ શહેર આજે અપરાધીનગર બન્યું છે.

ગઈકાલે રાત્રે નાના મૌવા ખાતે નજીવા ઝઘડામાં અંધાધુંધ ચાર થી પાંચ રાઉન્ડ ફાયરિંગ કરી ગરાસીયા યુવાનની હત્યા ની ઘટના અને શાપર પાસે તાજેતરમાં થયેલી લૂંટ અને ધાડની ઘટનાને ક્ષત્રિય ગિરાસદાર સેના સખત શબ્દોમાં વખોડે છે. રાજકોટમાં ખાખીનો ખોફ ઓસરી ગયો છે. રાજકોટ શહેરમાં સમયાંતરે ભડાકા થવાની ઘટના વખતો વખત બનતી રહે છે. શહેરમાં જેટલા ફટાકડા ફૂટે છે એટલા ભડાકા થાય છે. શહેરમાં ચણા મમરાની જેમ દેશી તમંચાઓ અને હથિયારો વેચાતા રહે છે અને સપ્લાયર થતા રહે છે. દેશી તમંચાઓ, રિવોલ્વર, કાર્તિસ અને આધુનિક હથિયારો સાથે લુખ્ખાઓ પોલીસના હાથે પકડાતા રહે છે. જે રાજકોટ શહેર અને જિલ્લાના પોલીસ તંત્રના રેકોર્ડ પર મૌજુદ છે. પોલીસ રાજકોટ શહેરમાં રિવોલ્વર તમંચાઓ આધુનિક હથિયારો કોણ સપ્લાય કરે છે અને ક્યાંથી આવે છે. તેની ઊંડી તપાસ કરવામાં ઉણી ઉતરી હોવાના પગલે આ પ્રકારની ઘટનાઓ શહેર અને જિલ્લામાં બનતી રહે છે. શહેરમાં નજીવી બાબતે ટોળા સાથે હુમલો કરવાની ઘટનાઓ દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે આ પ્રકારની ઘટનાઓ ડામવામાં પોલીસ તંત્ર અને રાજ્ય સરકાર સદંતર નિષ્ફળ પુરવાર થઈ છે. જે પગલે શહેર જિલ્લાનો ક્રાઈમ રેટ ઉંચકાયો છે.

રાજકોટમાં ચાલી રહેલા ગુંડારાજ અને લુખ્ખાઓના આતંક સામે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કશું બોલી શકતા નથી.




# MNRDAની CMEના સફળ આયોજન બદલ ફેડરેશને વ્યક્ત કર્યો આભાર

» આયોજક ટીમના સમર્પણ અને મેનેજમેન્ટની પ્રશંસા, ૧૭૦૦ આયુષ તબીબોનું સન્માન ગણાવ્યું

સિટી ન્યૂઝ@રાજકોટ





એમએનઆરડીએ દ્વારા આયોજિત સી.એમ.ઈ. (Continuing Medical Education) કાર્યક્રમના સફળ આયોજન બદલ ફેડરેશન ઓફ આયુષ તબીબોએ આયોજક ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

ફેડરેશનના પ્રમુખ ડૉ. એમ.વી. વેકરિયા, સેક્રેટરી ડૉ. કિશોર દેવલીયા અને ચેરપર્સન ડૉ. નરેન્દ્ર વિસાણીએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, કાર્યક્રમના આયોજક ડૉ. મહેશ શિંગાળા, પ્રમુખ ડૉ. પ્રવીણ સરવૈયા, સેક્રેટરી ડૉ. પરેશ બાબરિયા, સંચાલક ડૉ. મોહિત પાંભર તેમજ સમગ્ર ડોક્ટરોની ટીમે ઉત્કૃષ્ટ આયોજન, સમર્પણ અને શ્રેષ્ઠ વ્યવસ્થાપનનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે કાર્યક્રમ દરમિયાન ફેડરેશનના હોદ્દેદારોનું કરવામાં આવેલું સન્માન વ્યક્તિગત નહીં પરંતુ રાજ્યના ૧,૭૦૦ આયુષ તબીબોનું સન્માન સમાન છે. આ બદલ એમએનઆરડીએની સમગ્ર ટીમ પ્રત્યે ફેડરેશને હૃદયપૂર્વક આભાર અને અભિનંદન વ્યક્ત કર્યા છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KUSUMGAR | 08/7 | 10/7 | 398 - 419 | 35 | 14,665 |
| LASER POWER & INFRA | 09/7 | 13/7 | 203 - 214 | 70 | 14,980 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HAPPY STEELS | 09/7 | 13/7 | 62 - 66 | 4000 | 2,64,000 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |
| MILLWORKS TECHNOLOGIES | 14/7 | 16/7 | 315 - 331 | 800 | 2,64,800 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- સીગલ ઈન્ડિયા લિ.ને રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ મીનીસ્ટ્રી પાસેથી રૂ.૭૦૪.૭૦ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- આરબીએલ બેન્ક લિ.ની બોર્ડ મીટિંગ ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિ.ની બોર્ડ મીટિંગ ૨૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.ની બોર્ડ મીટિંગ ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- કન્ટેઈનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા અને વચગાળાના ડિવિડંડની વિચારણા કરાશે.
- પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની બોર્ડ મીટિંગ ૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ક્રોમ્પટન ગ્રીવ્ઝ કન્ઝ્યુમર ઈલેક્ટ્રીકલ લિ.ને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની લિ. પાસેથી રૂ.૬૪.૯૯ કરોડનો વર્ક ઓર્ડર મળ્યો છે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

**સિટી ન્યૂઝ**

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો –
**"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો
**ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત
**અધિકારીઓ** સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય –**
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**